અર્પણપત્ર

વૈદ્યરાજ પં. સદાનંદકાકા વસઈકર

પ્રાણાચાર્ય.

વૈદ્યકના નવા સાહિત્ય પ્રત્યે આપને શોખ છે અને તેમાં પણ આપને મ્હારા તરફથી પ્રગટ થએલાં કેટલાંક પુસ્તકો ઠીક પસંદ પડયા છે એ જ્યારે મેં આપની પાસેથી હુકીકત જાણી ત્યારે મ્હેં વૈદ્યકચિકિત્સાસારઉત્તરાર્ધ પ્રગટ કરવાની ઇચ્છા બતાવી અને તેમાં ખુટતા પ્રયોગો માટે માગણી કરી, જે આપે સ્વીકારી લીધી અને ઉદારતાથી આપનું અમૂલ્ય ઔષધી પ્રયોગોનું સાહિત્ય તે માટે ખુલ્લું કરી ઉત્તમોત્તમ રત્નરૂપ પ્રયોગો આ પુસ્તકમાં લેવા માટે છુટ આપી એ આપના ઉદાર સ્વભાવને તથા આપના જ્ઞાન અને ઉચ્ચ ભાવનાને સ્મરણરૂપ રાખવા આ મ્હારી એક નવીન કૃતિ જેમાં આપનો પણ કંઇક હિસ્સો છે તે વૈદ્યક ચિકિત્સાસાર (ઉત્તરાર્ધ) આપના ચરણોમાં અર્પણ કરી આનંદ માનું છું.

આપનો સદાનો મિત્ર,

ગોપાલજી કુંવરજી ઠક્કુર

નાં પ્રણામ સ્વીકારશો.

શ્રી. વૈદ્યરાજ સદાનંદકાકા વસઇકરનો પરિચય.

મૂળ વસઇના રહીશ પરંતુ હાલમાં ૨૮ વર્ષથી મુંબઇમાં રહેતા તથા જેઓ કોઇપણ પ્રકારનું અભિમાન રાખ્યા સિવાય આયુર્વેદની ખરા હૃદયથી સેવા કરી રહ્યા છે એવા એક વિદ્વાન વૈદ્યરાજનો આજે અહિ પરિચય આપતાં આનંદ થાય છે.

એમનું નામ વૈદ્યરાજ સદાનંદકાકા વસઇકર છે લોકો એમને **કાકાવૈદ્ય** તરીકે સારી રીતે જાણે છે, હાલમા તેમની ઉમર ૫૩ વર્ષની છે, અને મુબઇમાં ૨૮ વર્ષથી સ્થાયી રહી અનેક ગરીબ તથા શ્રીમંતોની ચિકિત્સા કરી સારી નામના મેળવેલી છે. અનેક ગૃહસ્થોના ગૃહવૈદ્ય યાને ફેમીલીડૉકટરનું કામ પણ તેઓ અનેક વર્ષોથી કરી રહ્યા છે. અને વર્ષાસનનો લાભ હજીપણ મેળવે છે, ગરીબ દરદીઓ પાસેથી તેઓ કંઇપણ બદલામાં રકમ લેતા નથી પરંતુ મફતમાં દવા આપે છે, તેથી તેમની નામના ગિરગામ, કાંદાવાડીના પ્રખ્યાત લતામાં ખુબ પ્રસિદ્ધ છે. સારા ચિકિત્સક હોવા ઉપરાંત તેમને રસ, રસાયન તેમજ કુપીપકવરસોનો સારો શોખ છે. તેમણે જુદાજુદા વિષયોપર ઘણીવાર મરાઠી સામયિકોમા લેખો પણ આપેલા છે એટલુંજ નહિં પણ પોતાનો અનુભવ,એક મન્થરૂપે અત્યારે લખી રહેલા છે, વળી એમને ત્યા અભ્યાસ કે અનુભવ લેવા માટે જે વિદ્યાર્થીઓ આવે છે તેમને કંઈપણ ભેદભાવ વગર વૈદકનું શિક્ષણ અનુભવ સાથે આપે છે અત્યારે પણ એમની પાસેથી શીખી ગયેલા અનેક વિદ્યાર્થીઓ સારી રીતે પ્રેકટીસ કરી રહ્યા છે.

સાચી સલાહ માટે એમને ત્યા અનેક ગૃહસ્થો વારવાર આવે છે અને તેમને એમની મુલાકાતથી સારો સતોષ થાય છે.

દવાઓ બનાવવામા અને ખાસ કરી રસાયનોમાં તેમણે પોતાને હાથે ક્રિયાકર્મ કરી સારો અનુભવ મેળવેલો છે. એમના કુટુબમાં સાત પેઢીથી વૈદકનો ધધો ચાલતો આવેલો છે, એટલુંજ નહિં પણ તેમના વડીલોએ વસઇના રાજ્યકર્તા પેશ્વાઇ રાજકુટુંબના **રાજવૈદ્ય** તરીકે અનેક વર્ષો લગી ચિકિત્સા કરી છે અને અત્યારસુધી તેઓએ આપેલી બક્ષીસની જમીનની

પ્રસ્તાવના

વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધની બીજી આવૃતિ આજથી ચાર વર્ષ પૂર્વે જ્યારે પ્રગટ થઇ ત્યારે પ્રસ્તાવનામાં અમોએ ઉલ્લેખ કરેલો કે બનતી ત્વરાએ વૈદ્યક ચિકિત્સાસારનો ઉતરાર્ધ પ્રગટ કરવા તૈયારી કરી લેશું. આજે બરાબર એ વાતને ચાર વર્ષ પુરાં થાય છે અને વૈદ્યક ચિકિત્સાસારનો ઉતરાર્ધ હવે તૈયાર થઇ છપાઇ પુરો થવા આવેલ છે.

પરમાત્માની કૃપા વગર કોઇપણ કાર્ય થઇ શકતું નથી, મનુષ્યની ધારણા તો ખુબ હોય છે પણ ઇશ્વરની આજ્ઞા હોય તોજ કાર્ય પાર પડે છે, વૈદ્યક ચિકિત્સાસારનો ઉતરાર્ધ પ્રગટ કરવાની ઘણીજ ઉતાવળે મરજી હતી અને એ મરજીમાં અમારા શુભેચ્છક ગ્રાહકો અને મિત્રોનો પૂર્ણ સાથ હતો, તેઓ વારંવાર એ પુસ્તકની માગણી પણ કરી રહ્યા હતા, પણ આવા પુસ્તકની તૈયારી માટે યોગ્ય સમય તથા પુરતી સામગ્રી હોય તોજ કામ પુરૂં થઇ શકે તે વગર એ કામ કરી લેવું બહુજ કઠણ છે અને તેનો કામ કરનારજ ખરી મુશ્કેલીનો અનુભવ સમજી શકે તેમ છે, છતાં પણ ઇષ્ટ કૃપાથી સમય, સંયોગ અને સાધનની અનુકુળતા થતાં જરાપણ વિલંબ ક્યાં વગર આ પુસ્તક તૈયાર કરી આપ ભાઇઓના ચરણમાં રજુ કરતાં ખુબ આનંદ થાય છે, કેમકે જે વસ્તુની લોકોએ કદર કરી છે અને જે વસ્તુની રોજને રોજ માગણી થયા કરે તે વસ્તુ તૈયાર થતાં લેખકને આનંદ થાય એ સ્વાભાવિક વસ્તુ છે.

વૈદ્યક ચિકિત્સાસાર એ નામ પ્રમાણે ગુણ ધરાવનાર પૂર્વાર્ધ જેવોજ આ ઉતરાર્ધ તૈયાર કરવામાં અમોએ જરાપણ મહેનતની

જરાપણ લોભ કરવામાં આવ્યો નથી, સારા નવા ટાઈપ, ઉત્તમ જાતની પ્રીન્ટીંગ ઇન્ક તેમજ સ્વદેશી જાડા એન્ટીક કાગળ અને સુંદર પાકું બાઇન્ડીંગ કરવાનો પૂર્ણ પ્રબંધ કરેલ છે એથી ગ્રન્થની સુંદરતા જેમ અંદરની ઉત્તમ વસ્તુથી છે તેવીજ રીતે બ્હારના છપાઈ વગેરે સર્વ કાર્યથી કરવામાં આવી છે ને તે માટે એવી આશા અવશ્ય રાખવામાં આવે છે કે આ ઉતરાર્ધ પણ વૈદ્યોની પ્રિય વસ્તુ બની શકશે તથા હમેશાં તેમના ટેબલપરની ઉપયોગી વસ્તુઓમાંજ સ્થાન મેળવી લે તો તે જરાપણ નવાઇ જેવું નથી.

આરોગ્યસિન્ધુ કાર્યાલયનાં પુસ્તકો માટે અત્યારે વૈદ્યસમાજ કે જનસમાજ વારંવાર પુછા કરે છે ને હમેશાં પ્રગટ થતા સાહિત્યને મંગાવી લે છે એ એની ખાસ વિશેષ પ્રકારની લોકપ્રિયતા છે તેવીજ રીતે વર્તમાનપત્રના સંપાદકો, લેખકો અને સારા વિદ્વાનવૈદ્યરાજો અમારા સાહિત્ય માટે બહુજ ઉંચા અભિપ્રાયો આપે છે એ જોતાં અમોને હજીપણ આ દિશામાં કામ કરવાનો ઉત્સાહ ચાલુ રહે છે.

ચિકિત્સાના વિષયપર આ બે પુસ્તક જે જે વૈદ્ય કે ડૉક્ટર પાસે હશે તેમને બીજા વધુ ગ્રન્થ રાખવાની કે ઘણાં થોથાં પોથાં જોવાની હવે જરૂર નહિંજ રહે. કેમકે ૨૫ વર્ષ અમોએ આ વૈદ્યકધંધામાં અને અભ્યાસકાર્યમાં આપેલા છે ને તેના અનુભવે કરી અમોને જે જરૂરી જણાયું તે સર્વ આમાં લઈ લીધેલું છે, એટલે કે પૂર્વાર્ધમાં જે ન હતું તે આ ઉતરાર્ધમાં જરૂરજ હશે એમ જોનારને જરૂર ખાત્રી કે સંતોષ થાય તેવી આની ગોઠવણ કરેલી છે, પછીતો મનુષ્યસ્વભાવની ખામી કયાંક રહી ગઇ હોય તો તે સુધારી લેવા અમો તૈયાર રહી બીજી આવૃતિમાં ઘટતો સુધારો કરી લઇશું અને તે માટે અમારા મિત્રો અમોને જરૂર સૂચના લખી મોકલાવે એવી પ્રાર્થના કરવામાં આવે છે.

આ પુસ્તક રૂા. ૨ માં મળી જવાનો છે આમ થતાં કિંમતનો બોજો ઠીક હળવો થઇ જાય છે અને પાછળથી પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધ બંન્ને સાથે લેનારને મૂળકિંમત કરતાં ઓછામાં મળે તેવી ગોઠવણ ચાલુ રહેશેજ.

અમોએ અમારા હંમેશના સ્વભાવ અને નિયમ પ્રમાણે ઉત્તમોત્તમ પ્રયોગો બહુજ સરળ અને સ્પષ્ટ ભાષામાં, સામાન્ય માણસ પણ સમજી લે અને બનાવી શકે તેવી ભાષામાં જરાપણ સંકોચ વગર જે કંઇ શીલકમાં હતું તે આમાં આપી દીધું છે અને તે સિવાય જે બ્હારનું મળ્યું તે તથા પ્રાચિનસાહિત્યમાંથી જરૂરી અને લેવા લાયક હતું તે સર્વ આમાં લઇ લીધું છે એટલે કે લેવા લાયક સર્વ વસ્તુ લઇ ગાગરમાંસાગર એ કહેવત પ્રમાણે બનતું સર્વ કરેલ છે, અને ગ્રન્થને તે પ્રમાણે પૂર્ણ બનાવેલ છે.

ગ્રન્થની સુંદરતા તેમાં રહેલા સારા તત્વો ઉપર રહે છે અને એ સારા તત્વો એટલે કે સારા સારા પ્રયોગો તેના મૂળલેખક ઉદારભાવનાવાળા વૈદ્યભાઇઓની ઉદારતાનું પરિણામ છે, એઓ જો આવા પ્રયોગો ન આપે કે ક્યાં પણ પ્રગટ ન કરે તો આવો સંગ્રહ તૈયાર કરવાનું નજ બને. પરંતુ હજી એવા ઉદારવૃતિવાળા વૈદ્યો આ દેશમાં છે ખરા અને તેથીજ મારે તે સર્વ વૈદ્યભાઇઓનો, વૈદ્યક-હિંદીમાસીકપત્રોના સંચાલકોનો અને જેમણે ખાનગી પ્રયોગોની બુકો અમારા હાથમાં સોંપી હતી તેમનો આભાર માનવાનું ભૂલી શકાય તેમ નથી, તેમના પગલે ચાલી મારે પણ મારી ફરજ બજાવવાની હતી તે મેં પણ બજાવી છે. આમાં ખાસ કરી મહારાષ્ટ્રિય પ્રસિદ્ધ વૈદ્યરાજ પં. સદાનંદકાકા વસઇકર કે જેમને આ ગ્રન્થ અર્પણ કરવાનું સૌભાગ્ય અમોને પ્રાપ્ત થએલ છે તે વૃદ્ધ અને મુરબ્બી વૈદ્યનું નામ અહિં ખાસ ઉલ્લેખ કરવા વગર રહી શકાય તેમ નથી, કેમકે

ત્યારેજ આવી શકે કે જ્યારે આપ અમોને લેખીત અભિપ્રાય મોકલો ત્યારે. એ માટે આપ આ પુસ્તક જોયા બાદ તેમાં કંઈ દોષ જણાય તો તે માટે અમારૂં ધ્યાન ખેંચવા અને જે ઠીક જણાય તો તે માટે આપનો અભિપ્રાય એક કાગળમાં લખી સલાહ, સુચના લખવા જરૂર શ્રમલઇ અમોને અમારા કાર્યમાં ઉત્સાહ આપશો એવી આપની પાસે અમારી પ્રાર્થના છે.

અનૂભૂતપ્રયોગાવલી નામક અમારા પ્રગટ થઇ ગયેલા પુસ્તકમાંથી પણ કેટલાક ઉપયોગી અને આ ગ્રન્થને લાયક પ્રયોગો હતા તે આમાં લઇ લીધાછે અને તેમ કરવાથી આ પુસ્તકની ઉપયોગીતામાં સારો વધારો થયો છે એમ અમારી માન્યતા છે.

છેવટે આ પ્રસ્તાવના પુરી કર્યા અગાઉ અને આપની વિદાય લીધા પહેલાં અમારે એક નવી વાત કહેવી રહે છે અને તે એ કે હવે પછી આપને અમારા તરફથી વનસ્પતિવિજ્ઞાન નામનું ઉપયોગી પુસ્તક તરતમાં મળે તેની તૈયારી કરવાની રહે છે અને તે અત્યારથી શરૂ થાય છે અને તે તૈયાર થતાં તેનો પ્રથમ ભાગ કદાચ ૧૯૩૭ના જાનેવારીમાં આપ જોઇ શકશો એવી ઇચ્છા છે. બાકીતો પ્રભુની-કૃપા વગર કંઇપણ કાર્ય થવું અશકય છે.

કરાંચી લી॰ આપનો સદાનો મિત્ર,

તા. ૧-૮-૩૬ વૈદ્ય ગોપાળજી કુંવરજી ઠક્કુર

વૈદ્યક ચિકિત્સાસાર (ઉત્તરાર્ધ)માં આવેલા પ્રયોગોની

અ કા રા દિ અ નુ ક્ર મ ણિ કા

વૈદ્યક ચિકિત્સાસાર (ઉત્તરાર્ધ)ની પ્રકરણવાર

અનુક્રમણિકા

વૈદ્યક ચિકિત્સાસાર (ઉત્તરાર્ધ)માં આવેલા પ્રયોગોની

અકારાદિ અનુક્રમણિકા





રોગવાર ઔષધાનુક્રમણિકા



[નોંધ : વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આવેલી દવાઓ કયા રોગમાં કઇ દવા વાપરી શકાય તેની સમજણ આપવા માટે અહિં રોગના સંસ્કૃત તથા ગુજરાતી નામો આપી તેની નીચે દવાઓનાં નામ તથા પૃષ્ઠ આપેલાં છે. એથી કોઈપણ માણસ પોતાને માટે જે રોગની દવા શોધવી હોય તે સહેલાઈથી શોધી તેની તમામ માહિતિ તે પૃષ્ઠ પર વાંચી શકે છે. આ અનુક્રમણિકામાં પણ પૃષ્ઠાંક આપેલાં છે.

રોગવાર ઔષધાનુક્રમણિકા



(નોંધ : વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આવેલી દવાઓ કયા રોગમાં કઇ દવા વાપરી શકાય તેની સમજણ આપવા માટે અહિ રોગના સંસ્કૃત તથા ગુજરાતી નામો આપી તેની નીચે દવાઓનાં નામ તથા પૃષ્ઠ આપેલાં છે. એથી કોઈપણ માણસ પોતાને માટે જે રોગની દવા શોધવી હોય તે સહેલાઇથી શોધી તેની તમામ માહિતિ તે પૃષ્ઠ પર વાંચી શકે છે. આ અનુક્રમણિકામાં પણ પૃષ્ઠાંક આપેલાં છે.

વરાંધ—સસણી

વાતરોગ—વાનાંદરોગ

વાતરક્ત

વાજીકરણ—પૌષ્ટિકદવાઓ

ત્રણ



ओ३म्

श्री धन्वन्तरये नमः

वैद्यक चिकित्सासार

(उतरार्ध)



प्रकरण १ लुं—भस्म

१ गौदंतीभस्म

बनावट : ગૌદંતીહરતાલને સાફ કરી પછી તેને તલવણી (હુલહુલ) ના રસની સાત ભાવના આપી તેનાજ રસમાં રાખી ગજપુટ અગ્નિ આપવો જેથી ઉત્તમ શ્વેતરંગની ભસ્મ થશે.

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** મધ સાથે.

उपयोग : સર્વ પ્રકારનાં તાવને માટે ઉત્તમ દવા છે.

२ जहरमोहराभस्म

बनावट : સાચોજહરમોહરો લાવી તેને કુટી ખરલમાં ઘુંટી કુંવારનારસમાં વાટી ટીકડી કરી સુકવી લેવું, પછી તેને સંપુટમાં રાખી ગજપુટ અગ્નિ આપી સંભાળી કાઢી બારીક વાટી ને ફરી તેવીજ રીતે બીજા ચાર પુટ કુંવારના આપી ગજપુટ આંચ દેવી એટલે સારી ભસ્મ બની જશે.

प्रमाण : ૧ રતી.

अनुपान : ઘી અથવા બકરીનાદૂધ સાથે.

उपयोग : બાળકોનીનબળાઇ અને બાલશોષ મટાડવા માટે આ દવા અકસીર ઉપાય છે.

३ तालकसीभस्म

बनावट : ગૌદંતી તો. ૫, હીરાકસી તો. ૫, બંન્નેને બારીક વાટી કુંવારનારસમાં ત્રણ દહાડા ઘુંટી ટીકડી કરી સુકવી માટીના બે સરાવમાં રાખી સંપુટ કરી ગજપુટનો અગ્નિ આપી દેવો. ઠંડુ થયે કાઢી બારીક વાટી રાખવી.

प्रमाण : ૩ રતીભાર.

अनुपान : ગુલાબજળ કે સુદરસનનાકવાથ સાથે, દવા પ્રથમ મધમાં ચાટી ઉપર તે પીવું.

समय : તાવ આવવા અગાઉ ૭ કલાક પ્રથમ બે માત્રા આ દવાની લઇ લેવી જોઇએ અને તેનાપર થોડુંક ઉષ્ણજલ પીવું.

उपयोग : ટાઢીઓતાવ જેને મલેરીઆ તાવથી ઓળખવામાં આવે છે તેને અટકાવવા માટે ઉત્તમ છે.

४ नवसारभस्म

बनावट : પ્રથમ આ યોગ તૈયાર કરવો તેની વિધીઃ-કુંવાર, રસાંજન, હળદર, કપીલો, ખાપરીયું, યવક્ષાર, સાજીખાર, ટંકણખાર, સુરાખાર, ફટકડી, મીઠું, સીંધાલુણ, બીડલુણ, સંચરલુણ, કાચલવણ, આ પંદર ચીજો પાંચ પાંચ તોલા તથા મનુષ્યનું, હાથીનું, ઘોડાનું, ઉંટનું, ગધેડાનું, સુવરનું આ છનું મુત્ર દરેકનું એક શેર મળી ૭ શેર લેવું. આ બધી ચીજોને એક માટીના રીઢા વાસણમાં નાંખી તેમાં કાંજી શેર ૧ અને ગોળ શેર ૧ નાંખી વાસણ બરાબર બંધ કરી જમીનમાં ખાડો કરી એક વર્ષ સુધી દાટી રાખવું પછી તે દવા કાઢી લેવી, ને ત્યારે એ પાણી જેવી તૈયાર હશે.

भस्मनीविधी : નવસાર તો. ૨૦ લઈ તેને 'ઉપર બતાવેલી દવાના પ્રવાહીમાં ખરલમાં ઘુંટી જાડું થતાં સંપુટમાં રાખી ગજપુટ અગ્નિ આપવો. આવા ૪૯ ગજપુટ આપવાથી નવસારભસ્મ બની જાયછે.

प्रमाण : ૨ થી ૩ રતીભાર. **अनुपान :** માખણ કે મધ.

उपयोग : ગુલ્મરોગ અને ઉદરરોગ માટે ઉત્તમ છે.

विशेषलाभ : આ ભસ્મમાં સમાનભાગે ટંકણખાર મેળવી પાણીમાં વાટી કોઇપણ ધાતુપર લેપ કરી અગ્નિમાં તપાવવાથી તે ધાતુ દ્રવ–રસ રૂપ બની જાય છે.

५ प्रवालपंचामृत (भस्म)

बनावट : મુક્તાપિષ્ટ તો. ૧, છીપ(સાચી)ભસ્મ તો. ૧, શંખભસ્મ તો. ૧, પ્રવાલભસ્મ તો. ૨, કોડીભસ્મ તો. ૧.

विधी : આ ચીજોને બારીક વાટી આકડાનાંદૂધમાં મર્દન કરી ટીકડી કરી સુકવી સંપુટમાંભરી હલકો ગજપુટ અગ્નિ આપવો. ઉત્તમ ભસ્મ બને તેને વાટી સંભાળી લેવું.

प्रमाण : ૨ થી ૩ રતીભાર.

अनुपान : માખણ કે મધ સાથે.

समय : સવાર, સાંજ.

उपयोग : કફ, વાયુ, આફરો, ખાંસી, ગુલ્મ, મૂત્રકૃચ્છ્ર, શ્વાસ, મંદાગ્નિ, અજીર્ણ, હૃદયરોગ, સંગ્રહણી, અતિસાર, પ્રમેહ, પથરી, મુત્રરોગ, છાતીનાંદરદ વગેરે માટે ઉત્તમ છે.

६ म्युरांडभस्म

बनावट : મોરનાઇંડાની ઉપરની સફેદછાલ લાવી ધોઈ લેવી. પછી તેને ચાયનાદૂધમાં ૬ કલાક બાફી શુદ્ધ કરી લેવું. અને સુકવી

બે સરાવમાં રાખી ગજપુટ અગ્નિ આપી ભસ્મ કરી લેવી (જો કાચી રહે તો દૂધમાં વાટી ફરી ગજપુટ આપી દેવો) ભૂખરા રંગની ભસ્મ બને છે.

प्रमाण : ૦૧ થી ૧ ગ્રેન. **अनुपान :** માતાના દૂધ સાથે.

समय : સવાર, બપોર, સાંજ.

उपयोग : બાળકનું ભરાઈ જવું, વરાધ, સસણી, ખાંસી, શ્વાસ કે જેને ન્યુમોનીઆ નામથી ઓળખવામાં આવે છે તે માટે રામબાણ ઉપાય છે. એ કે ત્રણ માત્રામાં આરામ કરે છે.

૭ मधुमंडूरभस्म

बनावट : ગૌમુત્રમાં શુદ્ધ કરેલ મંડુર (લોઢાનો જુનો કાટાડો) ચૂર્ણ તો. ૫૦ લઇ તેને લોઢાનાખરલમાં નાંખી ત્રીફલાનાક્વાથમાં ત્રણ કલાક ઘુંટી સુકવી તેને સંપુટમાં રાખી ૫ શેર છાણાનો અગ્નિ આપવો. એવી રીતે ૨૧ પુટ ત્રિફળાક્વાથનાં, પછી ગૌમુત્ર, કુંવારનોરસ, અને પંચામૃત * નાં મળી કુલ્લે ૮૪ પુટ આપવા. એટલે પછી મધુમંડુરભસ્મ બની જશે.

प्रमाण : ૩ રતીભાર.

अनुपान : મધ સાથે અથવા પીપર ને મધ સાથે.

उपयोग : પાંડુ, શીતાશ, મંદાગ્નિ, કમળ્લેરી અને નબળાઇ માટે આ મંડુર ઉત્તમ છે.

૮ श्वेतअभ्रकभस्म

बनावट : [illegible]અભ્રકના પતરાં લાલ સગડીમાં તપાવવાં, પછી તેને [illegible] પતરાં જુદા થઇ જાય એટલે તેને ફરી તપાવી, [illegible] [illegible] પછી તેને ખાંડી, લીંબુનારસમાં

* [illegible], [illegible], સફેદમુસળી, મધ અને [illegible] [illegible], તેની ૨૧ ભાવના આપવી.

પલાળી, બારીક ભુક્કો કરી લેવો. ત્યારબાદ એ ધાન્યાભ્રક એક રતલ હોય તો તેમાં નવસાર તો. ૨॥ તથા થોડું બકરીનુંદૂધ અને થોડું આકડાનુંદૂધ મેળવીને એક વાસણમાં નાંખી, ચૂલા ઉપર મૂકી, પકાવી લેવું. એવી રીતે એકવીશવાર કરવું. પછી તૈયાર થયેલ દવાને બકરીનાદૂધમાં ખૂબ વાટી, એક નાની હાંડલીમાં ભરી, સંપૂટ કરી ચારપહોર અગ્નિ આપવી. અને એવા ત્રણ સંપૂટ, એવીજ રીતે આપવા. આ પ્રમાણે કરવા પછી તૈયાર થયેલ ભસ્મને સુરાખારની એક, ચિત્રકનાસ્વરસની કે કવાથની એક, ગોળની એક એમ ત્રણ ભાવના આપી, લઘુપૂટ આપવો, એટલે ભસ્મ તૈયાર થઇ નિશ્ચંદ્ર બની જશે.

પ્રમાણ : ૨ થી ૪ રતી સુધી.

ઉપયોગ : રક્તપ્રદર, રક્તપિત્ત અને કોઇપણ પ્રકારના રક્તસ્રાવમાં જેઠીમધનાકલ્ક અને મધ સાથે આપવાથી ચોવીસ કલાકમાં સારો ફાયદો થાય છે.

ચણોઠીનાંપાનનોરસ, સફેદજીરૂં અને સાકર સાથે આપવાથી ચાંદી અને ઉપદંશ મટે છે.

પીલુનાંફળ સાથે આપવાથી સંગ્રહણીનાઝાડા, પેટનોગોળો અને કૃમિરોગ મટે છે.

તજ, એલચી, શુંઠ, તેની સાથે આપવાથી પેટમાં થતી વાયુની-ચૂંક, ઉલટી, ઝાડા અને મોળ મટે છે.

હરડેને છાશમાં ઘસી તે સાથે આપવાથી પિત્તવાળા હરસ મટેછે.

મધ ને પીપર સાથે આપવાથી જીર્ણજ્વર, અરૂચી અને મંદાગ્નિ મટાડે છે.

જેઠીમધ, મીંઢીઆવળ અને સાકરનાચૂર્ણ સાથે આપવાથી ખાંસી, અજીર્ણ અને કમજ્ઞાન મટે છે.

નોંધ : પથ્ય રોગ પ્રમાણે રાખવું જોઇએ.

९ शृंगभस्म

बनावट : સાબરશીંગના ટુકડા કરી તેને તીલવણીનારસમાં તપાવી તપાવીને ૨૧ વાર બુઝાવવા, પછી તેને તીલવણીનારસમાં ઘુંટી લઇ ટીકડી કરી સંપુટમાં રાખી ગજપુટઅગ્નિ આપવો. સફેદરંગની ભસ્મ થઈ જશે. (તીલવણીને હુલહુલ અથવા ખીવરો પણ કહે છે.)

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** મધ સાથે.

उपयोग : ન્યુમોનીઆ કે શરદીનાતાવમાં જ્યારે પાર્શ્વશુળ નીકળતું હોય ત્યારે આ દવાથી બહુજ સારો લાભ થાય છે. કફજવર અને પડખાનાંશુળમાં વાપરવી.

१० सूर्यपूटीलोहभस्म

बनावट : શુદ્ધલોહનુંબારીકચૂર્ણ તોલા ૧૦ લઈ તેને ખાવગની-ફલીનારસમાં દરરોજ ઘુંટવું અને તડકે સુકવી લેવું. આમ ૭ માસ કરવાથી આંચ આપ્યા વગર સૂર્યપુટીલોહભસ્મ બની જશે.

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** ઉશીરાનાકવાથ સાથે.

उपयोग : સ્ત્રીઓને થતા રક્તશ્રાવને તુરત બંધ કરી તાકાત વધારે છે. ખાસ કરી રક્તપ્રદર, કસુવાવડ અને અત્યંત ઋતુશ્રાવના દરદમાં વાપરવી લાભકારક છે.

११ सोमनाथीताम्रभस्म

बनावट : તાંબાના શુદ્ધ બારીક પત્રાં તોલા ૫ લેવાં, શુદ્ધ પારદ તોલા ૫, શુદ્ધ ગંધક તોલા ૧૦, શુદ્ધ હરતાલ તોલા ૫, શુદ્ધ મનશીલ તોલા ૨॥. તામ્ર સિવાયની બીજી ચીજોને લીંબુનારસમાં ઘુંટી તાંબાના પતરાપર તેનો લેપ કરી સુકવી લેવું. પછી તેને સંપુટમાં [illegible]ી કપડમટી કરી તે સંપુટને વાલુકાયંત્રમાં રાખી (જેની વચ્ચે

રાખી દેવું) ૬ કલાક અગ્નિ આપવો. ઠંડુ થયે કાઢી બારીક
લેવું. (પત્રાં બારીક હશે તો આ એકજવારમાં ભસ્મ બનીજશે

પ્રમાણ : ૨ રતીભાર.

અનુપાન : મધ, પીપર સાથે, કે યવક્ષાર અને આદુનારસ

ઉપયોગ : ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, શૂળ, અર્શ, પાંડુ,
વાતરક્ત, ઉદરરોગ અને કફનારોગ મટાડે છે.

१२ संगयरावभस्म

બનાવટ : સંગયરાવને બારીકવાટી, બકરીનાદુધમાં
ટીકડી બનાવી સુકવી ગજપુટમાં ફુંકી દેવું. તેવીજ રીતે વાસારસ
તથા ગળોનારસમાં એક એક વાર ઘુંટી ગજપુટ આપવું અને
કરી રાખી લેવું.

પ્રમાણ : ૧ થી ૨ રતીભાર. **અનુપાન :** મલાઈ

સમય : ત્રણ ત્રણ કલાકે.

ઉપયોગ : ખાંસીમાં લોહી આવવું, રક્તપિત અને ઉ
યા જીર્ણજ્વર માટે ઉત્તમ છે.

प्रकरण २ जुं—रस

१३ उन्मादभैरवरस

બનાવટ :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ વછનાગ	તો
જાયફળ	,, ૧	મરી	
લવંગ	,, ૧	શુદ્ધ ગંધક	
શુદ્ધ કનકબીજ	,, ૧	જાવંત્રી	
કોઠ	-		

विधी : પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓ મેળવી ત્રણ દહાડા ઘુંટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण : ત્રણ રતીભાર.

अनुपान : રોગાનુસાર નીચે પ્રમાણે: (૧) મધ સાથે આપવાથી તાવ મટે. (૨) ચિત્રક અને શુંઠ સાથે આપવાથી ખાંસી મટે. (૩) સાકર ને લીંબુનારસ સાથે આપવાથી શરીરનીકળતર મટે. (૪) મધ અને પીપર સાથે આપવાથી સન્નિપાત અને ઉન્માદ મટે. (૫) આદુનોરસ અને મધ સાથે આપવાથી ધનુર્વાત મટે. (૬) મધ ને પીપર સાથે આપવાથી વાતરોગ ને સધીવા મટે. (૭) અતિવિષ અને મધ સાથે દેવાથી જ્વર-જીર્ણજ્વર મટે. (૮) અકલકરો ને પીપર સાથે આપવાથી શરદવાયુ મટે.

पथ्य : ભાત, રોટલો, મગનીદાળ, રોટલી, ગરમકરેલુંપાણી આપવું. વાયડાપદાર્થ ન અપાય.

१४ उन्मादहरमात्रा

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	અકલકરો	તો. ૧
જાવંત્રી	„ ૧	શુદ્ધ કનકબીજ	„ ૧
શુદ્ધ વચ્છનાગ	„ ૧	શુદ્ધ ભાંગ	„ ૧
શુદ્ધ ગંધક	„ ૧	જાયફળ	„ ૧
શુંઠ	„ ૧	મરી	„ ૧
પીપર	„ ૧	શુદ્ધ ગાંજો	„ ૧

विधी : બધી ચીજે બારીક લેવી પારદ ને ગંધકની કજ્જલી કરી તેમા મેળવી આપી ભાંગનારસમાં ત્રણ દહાડા મર્દન કરી [illegible] કરી સુકવી લેવી

प्रमाण : ૧ ગોળી. **अनुपान :** પાણી કે આદુનોરસ.

उपयोग : [illegible] અપસ્માર, આંકડી, તાણ, ઉન્માદ અને [illegible] મટે ઉત્તમ છે.

૧૫ कफांतकरस

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧,	વજ્ર	તો. ૨,
બ્રાહ્મીનાંપાંન	તો. ૩,	વાસાપત્ર	તો. ૬,
પેટુભજાર	તો. ૧,	ફુલાવેલફટકડી	તો. ૧,
શુદ્ધ ગંધક	તો. ૨,	પીપર	તો. ૩,
બહેડાછાલ	તો. ૪,	મોટીહરડેછાલ	તો. ૫,
ભારંગમૂળ	તો. ૭,	ફુલાવેલટંકણ	તો. ૧.

विधी : બધી ચીજોને બારીક વાટી તેને ખરલમાં નાંખી આવળનીછાલનાકવાથમાં ૭ દહાડા મર્દન કરી વટાણાજેવડી ગોળી કરવી.

प्रमाण : ૨ થી ૪ ગોળી. **अनुपान :** મધ સાથે.

उपयोग : ખાંસી, શ્વાસ, દમ, કફ, શરદી, કફજ્વર વગેરે મટે છે.

૧૬ कामिनीविद्रावणरस

बनावट : અકલકરો, શુંઠ, લવંગ, કેસર, પીપર, જાયફલ, જાવંત્રી, રક્તચંદન, એ દરેક એક તોલો મળી ૮ તોલા. કજ્જલી તો. ૧, અફીણ તો. ૪ બધાને સાથે મેળવી અફીણનો કમુંબો કરી તેમાં ઘુંટી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૨ થી ૪ ગોળી. **अनुपान :** દુધ સાથે.

समय : સાંજે ૬ વાગે દવા લેવી.

उपयोग : વીર્યસ્થંભન કરવા માટે વપરાય છે અને શરીરમાં બળ તથા નસોમાં જામતિ પણ સારી લાવે છે.

सुचना : નબળા દરદીઓએ આ દવા ન લેવી, કેમકે તેમાં અફીણ છે તેથી ખરાબ આદત પડે છે.

१७ काळोवालार्करस

ઘનાવટ :

શુદ્ધહિંગુલ	તો.	૧	પ્રવાલભસ્મ	તો.	૧
મુક્તાપિષ્ટ	,,	૧	કુલાવેલટંકણ	,,	૧
શૃંગભસ્મ	,,	૧	શંખભસ્મ	,,	૧
કૌડીભસ્મ	,,	૧	વાવડીંગ	,,	૧
શુદ્ધગંધક	,,	૧	તમાલપત્ર	,,	૧
કુલીંજન	,,	૧	પીપર	,,	૧
સોનાગેરૂ	,,	૧	કપુરકાચડી	,,	૧
ભીમસેનીકપુર	,,	૧	સફેદમરી	,,	૧
કસ્તુરી	,,	०॥	કેશર	,,	૧
શુદ્ધપારદ	,,	૧	ગોરોચન	,,	૧
એલચી	,,	૧			

વિધી : બધી ચીજોને બારીક લઈ સાથે મેળવી ખરલમાં ઘુંટી લીંબુનારસમાં ૧૪ દહાડા ઘુંટી લેવું અને રતીભારની ગોળી કરી લેવી.

પ્રમાણ : ૧ ગોળી રોગાનુસાર અનુપાન જોઇને.

ઉપયોગ : જ્વર, કૃમિ, મરડો, શુળ, ઝાડા, અજીર્ણ, ખાંસી, શ્વાસ, શરદી, આંચકી અને દેડકી વગેરે બાળકોની બિમારી માટે ઉત્તમ છે.

નોંધ : દવા ઘુંટાઇ તૈયાર થઈ જાય ત્યારે તેમાં કેશર, કસ્તુરી, ભીમસેનીકપુર અને ગોરોચન વગેરે મેળવી પછી ગોળી વાળવી. આ દવાઓ પ્રથમ નાખવી નહિં.

१८ कुचलादिप्रयोग

ઘનાવટ : રસસિંદુર, શુદ્ધકુચલા, લોહભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણભસ્મ [illegible].

विधी : બધી ચીજો સમભાગે લઈ બારીક વાટી તેને ભાંગરો, ધાહ્રી, કુંવારનોરસ વિગેરેની એકેક ભાવના આપી વાટી એક ગોળો કરી એરંડનાપાનમાં વીંટી ૩ દહાડા અનાજના ઢગલામાં રાખી પછી કાઢી લઇ વાટી રાખવું.

प्रमाण : ૧ થી ૨ રતીભાર.

अनुपान : દવા ઘીમાં ચાટી ઉપર મહારાસ્નાદિ કવાથ પીવો.

समय : સવાર સાંજ બે વખત.

उपयोग : આમવાત, ઉન્માદ, અપસ્માર, વાતરોગ, ક્ષય અને નબળાઇ મટે છે.

१९ क्रमीकुठाररस (काळो)

बनावट : કડાછાલ, ત્રાયમાણ, અજમોદ, વાવડીંગ, કેશર, કાકડાશીંગ, વજ, સિંધવ, સંચળ, હરડેછાલ, ખોરાસાણીઅજમો, કિરમાણીઅજમો, ફુલાવેલહિંગ, હિંગળોક, વચ્છનાગ, આ પંદર ચીજો એકેક તોલો, કપીલો તો. ૪, કપુર દેશી તોલા ૧૯ બધાનું બારીક ચૂર્ણ કરી તેને ધાહ્રી, ઉંદરકની તથા ભાંગરાનારસનો એકેક પુટ આપી ઘુંટી વાટી સુકવી કપડછાણ કરી લેવું.

प्रमाण : ૧ થી ૨ રતીભાર.

अनुपान : પાણી સાથે કે રૂચી મુજબ.

उपयोग : પેટનાંકૃમિ, જ્વર, મંદાંગ્નિ, વગેરે બાળકોનાં કૃમિજન્ય દરેક વિકારો મટાડવા માટે આ ઉતમ બનાવટ છે.

२० गर्भचिन्तामणीरस

बनावट : જાયફલ તો. ૧, કુલાવેલટંકણ તો. ૧, સુંઠ તો. ૧, મરી તો. ૧, પીપર તો. ૧, શુદ્ધહિંગુલ તો. ૧, બધાને સાથે મેળવી ખરલમાં મર્દન કરી લીંબુનારસમાં ૩ કલાક, પછી આદુનારસમાં ૩ કલાક વાટી ચણા જેવડી ગોળી કરી રાખવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** નવશેકું પાણી.

उपयोग : ગર્ભિણીસ્ત્રીનાં સર્વ રોગોમાં આ દવા વાપરવાથી લાભ થાય છે.

२१ ग्रहणीकपाटरस (काळो)

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ હિંગુલ	,, ૧	અફીણ શુદ્ધ	,, ૧
દાડમછાલ	,, ૧	જાયફળ	,, ૧
બીલફળ	,, ૧	અતિવિષ	,, ૧
કમળકાકડીમગજ	,, ૧	હીમજશેકેલી	,, ૧
શુદ્ધભાંગ	,, ૧	કસંબો	,, ૧

विधी : બધી દવાઓને બારીક લઈ વિધીસર મેળવી લીંબુનારસમાં મર્દન કરી રતીભારની ગોળી કરવી.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** પાણી સાથે.

समय : ચાર ચાર કલાકે.

उपयोग : જુનાઝાડા, સંગ્રહણી, અજીર્ણ અને અપચાને મટાડે છે.

२२ ग्रहणीगजकेसरीरस

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
અભ્રકભસ્મ	,, ૧	લોહભસ્મ	,, ૧
શુદ્ધ હિંગળો	,, ૧	શુદ્ધ વછનાગ	,, ૧
કરેડીઅસ	,, ૧	મોથ	,, ૧
દાડમબીજ	,, ૧	ધાવડીપુષ્પ	,, ૧
અજમો	,, ૧	ટંકણફુલાવેલ	,, ૧
[illegible]	,, ૧	સુંઠ	,, ૧

મરી	તો. ૧	પીપર	તો. ૧
શુદ્ધ ભાંગ	,, ૧	ઇંદ્રિયવ	,, ૧
જાયફળ	,, ૧	મોચરસ	,, ૧
અતિવિષ	,, ૧	ચિત્રકમૂળછાલ	,, ૧
કાકચનાંબીજ	,, ૧	અફીણ શુદ્ધ	,, ૧
કોંઠ	,, ૧		

विधी : બધાને વિધીસર મેળવી ધતુરાનાપાનનારસમાં મર્દન કરી મરીજેવડી ગોળી કરવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** છાસ સાથે.

समय : સવાર, સાંજ બે વખત.

उपयोग : સંગ્રહણી, ઝાડા, પાંડુ, પેટનોદુખાવો અને પેટનાં જુનાં દરદ ને મટાડે છે.

२३ चंद्रामृतरस

बनावट :

ચંદ્રોદય	માસા ૬	પીપર	માસા ૪
અકલકરો	,, ૪	અંબર	,, ૪
કસ્તુરી	રતી ૧૨	સુવર્ણવરખ	રતી ૧૨
મુક્તાપિષ્ટ	તો. ૦॥	અફીણ શુદ્ધ	તો. ૦॥

विधी : બધી ચીજોને ખરલમાં વિધીસર મેળવી તેને નાગરવેલના પાનનારસમાં મર્દનકરી મગજેવડી ગોળી કરી સુકવી રાખવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી.

अनुपान : ગાયનુદૂધ લઇ તેમાં સાકર નાંખી તે સાથે.

समय : સવાર સાંજ બે વખત.

उपयोग : ક્ષય, જીર્ણજ્વર, મંદાગ્નિ, ધાતુક્ષીણતા, મગજની-કમજોરી, ખાસી, શ્લેષ્મ અને નબળાઇ મટાડી તાકાત વધારે છે.

२४ तक्रवटी (१)

बनावट : શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧
શુદ્ધ વચ્છનાગ ,, ૨ તામ્રભસ્મ ,, ૪
પીપર ,, ૧૬ મંડુરભસ્મ ,, ૧૬

विधी : પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મો મેળવી બાદ બીજી ચીજોનું ચૂર્ણ મેળવી લઈ તેને શાહજીરાના ક્વાથની સાત ભાવના આપી બરાબર ઘુંટી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ રતીભાર. **अनुपान :** છાશ.

उपयोग : સંગ્રહણી, સોજા, મંદાગ્નિ, પાંડુ અને ઉદરરોગને મટાડે છે.

२५ तक्रवटी (२)

बनावट : શુદ્ધ હિંગળ તો. ૧, અફીણ તો. ૧, શુદ્ધ વચ્છનાગ તો. ૧ ત્રણેને બારીક વાટી વડનાદૂધમાં ઘુંટી મરીજેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ગોળી. **समय :** સવાર સાંજ.

उपयोग : સંગ્રહણી અને સોજા માટે આ દવા રામબાણ છે.

२६ त्रिपुरभैरवरस

बनावट : શુદ્ધ વચ્છનાગ તો. ૧, મરી તો. ૪, સૂંઠ તો. ૨ પીપર તો. ૩, તામ્રભસ્મ તો. ૫, શુદ્ધ હિંગળ તો. ૬. સર્વ બારીક વાટી પાણીમાં ઘુંટી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** પાણી સાથે

उपयोग : વાયુ અને કફનોભાર મટે છે.

૨૭ दुर्जलजेतारस

बनावट : શુદ્ધ વચ્છનાગ તો. ૨, પીળીકાડીનીભસ્મ તો. ૫, કાળાંમરીનુંચૂર્ણ તો. ૯, બધાને સાથે મેળવી કપડછાણ કરી લેવું. અને પછી તેને આદુનારસમાં ઘુંટી મરી જેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** પાણી.

समय : સવાર, સાંજ.

उपयोग : આ દવા નિયમિત લેવાથી દેશપરદેશનાં ખરાબ પાણીનો વિકાર લાગતો નથી. તથા તાવ, અજીર્ણ, ખાંસી, શરદી, શ્વાસ કબજીઅત, શુળ, આફરો વગેરે મટે છે.

૨૮ दुर्लभरस

बनावट : રસસિંદુર તો. ०१, પીપર તો. ०१, આમળા તો. ०१, રૂદ્રાક્ષ તો. ०१. સાથે મેળવી ઘુંટી રાખવું.

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** મધ અને ઘી સાથે.

उपयोग : મસુરીકા, શીતળા, ઓરી વગેરેમાં વાપરવા યોગ્ય દવા છે.

૨૯ देवकुसुमादिवटी

बनावट : કસ્તુરી તો. ०१ સફેદ ચંદન તો. ०१
લવંગ „ ०१ કેસર „ ०१
શુદ્ધ રસકપુર „ ०१

विधी : બધી ચીજોને બારીક વાટી મેળવી ગુલાબજળમાં ઘુંટી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ગોળી.

अनुपान : પાનના તાજાપત્રીમાં લપેટી ગોળી ગળી જવી. દાંતે ન લગાડવી. તેવીજ રીતે કાગીકાપુની વચ્ચે રાખીને ગળી જવી

ઉપયોગ : શીરંગરોગ, ઉપદંશ, ગરમી, ચાંદી મટે છે.

પથ્ય : ચણાનાલોટની રોટલી અને ઘી ખાવું. ૨૧ દહાડા આ પ્રયોગ કરવો. તેલ, ખટાશ, મરચાં, મીઠું ન ખાવું.

૨૦ प्रदररिपु

બનાવટ : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક એ બેની કજ્જલી કરી લેવી તે તો. ૪, નાગભસ્મ તો. ૨, તથા રસવંતી (રસાંજન) તો. ૬ અને લોદરનુંચૂર્ણ તો. ૧૨ એ સર્વ બારીક કરી ખરલમાં મેળવી તેને અરડુસી (વાસા) ના રસમાં મર્દન કરી સુકવી રાખી લેવું.

પ્રમાણ : ૩ થી ૬ રતીભાર.

અનુપાન : મધ સાથે, સવાર, સાંજ લેવાય.

ઉપયોગ : પ્રદર ગમે તેવા પ્રકારનો હોય તો આ દવા તરત ફાયદો બતાવે છે. અત્યંતશ્રાવ અથવા ઘણા દહાડા ઋતુશ્રાવ ચાલતો હોય તેમાં પણ ફાયદો કરે છે.

સૂચના : દર્દ જુનું હોય તો દવા વધારે વખત લેવી અને રોગ વધારનાર અપથ્ય પદાર્થો ન લેવા, સાથે બ્રહ્મચર્ય પાલન કરવાથી સારો ફાયદો થાય છે.

૨૧ पित्तमंजीरस

બનાવટ : અભ્રકભસ્મ નિશ્ચંદ્ર કરેલી તો. ૪૦ લેવી. તેને કરીઆતાના કવાથની રોજ એક ભાવના આપવી તેવી ૭ ભાવના દેવી. પછી ગરમાળાનોગોળ લાવી તેના કવાથની ૩ ભાવના આપવી. પછી ગળોના ઉકાળાની ૩ ભાવના આપવી. પછી કડુના કવાથની ૨૦ ભાવના આપવી. એ રીતે ૩૩ ભાવના આપવા બાદ એક ગજપુટનો અગ્નિ આપવો (ટીકડી કરી સુકવી પછી ગજપુટ આપવો.) આ રીતે ૭ વખત જુદીજુદી ભાવનાઓ આપી પછી એક ગજપુટ મૂકી [illegible] ગજપુટ આપવાથી દવા તૈયાર થશે.

પ્રમાણ : ૩ થી ૬ રતીભાર.

અનુપાન : પીપર સાથે દવા લઈ ઉપર પાણી કે દૂધ આપવું.

ઉપયોગ : પિત્તવાળોતાવ, પિત્ત વિશેષ હોય તેવો વિષમજ્વર (ટાઢીઓતાવ), ગર્ભિણીનોતાવ, તાવનીનબળાઇ, પિત્તનોપ્રકોપ, બાળકોનોતાવ, નબળાઇ વગેરે મટાડનાર ઉત્તમ માત્રા છે. તાવ ઉતારે જ્યાં નબળાઇ આવતી નથી. પૌષ્ટિક આહાર આપવો જોઇએ.

૩૨ પીળોજ્વરાંકુશ

બનાવટ :

શુદ્ધ હરતાલ	તો. ૧	શુદ્ધ મનશીલ	તો. ૧
મરી	,, ૧	શુદ્ધ ગંધક	,, ૧
શુંઠ	,, ૧	શુદ્ધ કનકબીજ	,, ૫

વિધી : બધી ચીજોને બારીક વાટી ખરલમાં મેળવી તેને કારેલાનાપાનની ૩ ભાવના તથા તુલસીપાનનારસની ૩ ભાવના ધમાસાના કવાથ કે રસની ૧ ભાવના આપી રતીભારની ગોળી કરી લેવી.

પ્રમાણ : ૨ ગોળી. **અનુપાન :** પાણી કે જળોનોસ્વરસ.

ઉપયોગ : જ્વર, સાન્નિપાતજ્વર, જીર્ણજ્વર, અને સર્વ પ્રકારનાં તાવ માટે ઉત્તમ છે.

૩૩ પંચવક્ત્રરસ

બનાવટ :

શુદ્ધ પારદ	તો. ૨	શુદ્ધ વચ્છનાગ	તો. ૨
શુદ્ધ ટંકણ	,, ૨	શુદ્ધ ગંધક	,, ૨
મરી	,, ૨	પીપર	,, ૨

વિધી : બધાને બારીક લઇ વિધીસર મેળવી લઇ ધતુરાના તાજા પાનનારસમાં મર્દન કરી એક દીવસ ઘુંટી રતીભારની ગોળી કરી લેવી.

પ્રમાણ : ૨ ગોળી. **અનુપાન :** પાણી.

समय : ચાર ચાર કલાકે.

उपयोग : તાવ, રતવાનોતાવ, ચોરીઆનોસોજો, ન્યુમોનીઆ, દરદનીપીડા, ચસકા વગેરે તાવના ઉપદ્રવોમાં ઉપયોગી છે.

३४ पंचाननवटी

बनावट : રસસિન્દુર તો. ૧ અભ્રકભસ્મ તો. ૧
લોહભસ્મ ,, ૧ તામ્રભસ્મ ,, ૧
શુદ્ધ ગંધક ,, ૧ ભીલામ ,, ૫

विधी : પ્રથમની પાંચ દવા બરાબર મેળવી ઘુંટી તેમાં ભીલામ નાંખી વાટી લેવું અને પછી તેને જંગલી સુરણુનારસમાં ત્રણ દહાડા ઘુંટી રતી જેવડી ગોળી કરી સુકવી લેવું.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** ઘૃત સાથે, સવાર સાંજ.

उपयोग : સર્વ પ્રકારનાં અર્શરોગ, કુષ્ટરોગ, વાતરોગ અને મંદાગ્નિ તથા નબળાઇ મટી જાય છે, અર્શ માટે ઉત્તમ છે.

सूचना : આ દવામાં ભીલામ આવે છે માટે બનાવતી વખતે સંભાળ રાખવી.

३५ बृहत्वातचिंतामणीरस

बनावट : સુવર્ણભસ્મ તો. ૩, રૌપ્યભસ્મ તો. ૨, અભ્રકભસ્મ તો. ૨, લોહભસ્મ તો. ૫, પ્રવાલભસ્મ તો. ૩, મોતીભસ્મ તો. ૩, રસસિંદુર તો. ૭ બધાને બારીક મર્દન કરી કુંવારનારસમાં ઘુંટી ચણોઠીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ગોળી. **अनुपान :** માખણ કે મધ સાથે.

उपयोग : સર્વ વાતરોગ, નવજ્વર અને વાતપિત્તના રોગ માટે [illegible] ઉત્તમ છે.

समय : ચાર ચાર કલાકે.

उपयोग : તાવ, રતવાનોતાવ, ચોરીઆનોસોજો, ન્યુમે
દરદનીપીડ, ચસકો વગેરે તાવના ઉપદ્રવોમાં ઉપયોગી છે.

३४ पंचाननवटी

वनावट : રસસિન્દુર તો. ૧ · અભ્રકભસ્મ
લોહભસ્મ ,, ૧. તામ્રભસ્મ
શુદ્ધ ગંધક ,, ૧ બીલામ

विधी : પ્રથમની પાંચ દવા બરાબર મેળવી ઘુંટ
બીલામ નાંખી વાટી લેવું અને પછી તેને જંગલી સુરણનારસ
દહાડ ઘુંટી રતી જેવડી ગોળી કરી સુકવી લેવું.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** ઘૃત સાથે, સવાર

उपयोग : સર્વ પ્રકારનાં અર્શરોગ, કુષ્ટરોગ, વાતરે
મંદાગ્નિ તથા નબળાઇ મટી જાય છે, અર્શ માટે ઉત્તમ છે.

सूचना : આ દવામાં બીલામ આવે છે માટે
વખતે સંભાળ રાખવી.

३५ व्रहत्वातचिंतामणीरस

वनायट : સુવર્ણભસ્મ તો. ૩, રૌપ્યભસ્મ તો. ૨, અ
તો. ૨, લોહભસ્મ તો. ૫, પ્રવાલભસ્મ તો. ૩, મોતીભસ્મ
રસસિંદુર તો. ૭ બધાને ભેગાં કરી મર્દન કરી કુંવારનારસમાં ઘુ

३६ वालज्वरांकुश

घनावट : શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો.
શુદ્ધ હિંગુલ ,, ૧ શુદ્ધ કનકબીજ ,,
શુદ્ધ વછનાગ ,, ૧ ખેરસાર ,,

विधी : બધી દવાઓ વિધીસર સાથે મેળવી લીંબુનારસમ
ઘુંટી બાજરીનાદાણા પ્રમાણે ગોળી કરવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી.

अनुपान : જીરાનાપાણી સાથે.

उपयोग : સર્વ પ્રકારનાં તાવ માટે ઉત્તમ છે, બાળકો મા
ખાસ વપરાય તેમ છે.

३७ वालरस

घनावट : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, જાયફળ, જાવંત્રી, લવીં
સમભાગે લેવાં. પ્રથમની બે ચીજોની કજ્જલી કરી તેમાં બાકીન
ચીજોનું ચૂર્ણ મેળવી ઘુંટી રાખવું.

प्रमाण : ૧ થી ૨ રતીભાર

अनुपान : મધ અથવા માતાનુંધાવણ કે તુલસીનોરસ.

समय : સવાર, સાંજ અથવા જરૂર પ્રમાણે.

उपयोग : શરદી, ખાંસી, તાવ, આંત્રિકજ્વર, કફ અને વાયુન
દરદો, દાંત નીકળની વખતનાં દરદો તથા બાળકોને થતાં તમા
દરદોમાં ચમત્કારીક ફાયદો આપે છે.

समय : ચાર ચાર કલાકે.

उपयोग : તાવ, રતવાનોતાવ, ચોરીઆનોસોજો, ન્યુમો
દરદનીપીડાં, ચસકા વગેરે તાવના ઉપદ્રવોમાં ઉપયોગી છે.

३४ पंचाननवटी

बनावट : રસસિન્દુર તો. ૧ અભ્રકભસ્મ
લોહભસ્મ „ ૧. તામ્રભસ્મ
શુદ્ધ ગંધક „ ૧ બીલામ

विधी : પ્રથમની પાંચ દવા બરાબર મેળવી ઘુંટી
બીલામ નાંખી વાટી લેવું અને પછી તેને જંગલી સુરણનારસમ
દહાડા ઘુંટી રતી જેવડી ગોળી કરી સુકવી લેવું.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** ઘૃત સાથે, સવાર

उपयोग : સર્વ પ્રકારનાં અર્શરોગ, કુષ્ટરોગ, વાતરોગ
મંદાગ્નિ તથા નબળાઇ મટી જાય છે, અર્શ માટે ઉત્તમ છે.

सूचना : આ દવામાં બીલામ આવે છે માટે બન
વખતે સંભાળ રાખવી.

३५ व्रहत्वातचिंतामणीरस

बनावट : સુવર્ણભસ્મ તો. ૩, રૌપ્યભસ્મ તો. ૨, અભ્ર
તો. ૨, લોહભસ્મ તો. ૫, પ્રવાલભસ્મ તો. ૩, મોતીભસ્મ તે
રસસિન્દુર તો. ૭ બધાને બારીક મર્દન કરી કુંવારનારસમાં ઘુંટ
રતીભારની ગોળી કરી લેવી.

उपयोग : તાવને રોકવા તાવ આવ્યા પહેલાં આપી શકાય છે. તાવ ઉતારવા માટે તાવ ચડયો હોય ત્યારે આપી શકાય છે. પ્રસ્વેદ લાવી તાવ ઉતારે, ટાઢ મટાડે, યકૃત અને પ્લીહાની વૃદ્ધિમાં ફાયદો કરે. મંદાગ્નિ, અજીર્ણ, શૂળ, કફ, ખાંસી, જ્વર વિગેરેમાં સારો ફાયદો કરે છે.

पथ्य : દૂધ, ભાત આપી શકાય.

सुचना : નાનાં બાળકોને સંભાળીને યોગ્ય પ્રમાણમાં આપવું:

૪૧ मल्लज्वरांकुश (૨)

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ સોમલ	,, ૧	મરી	,, ૧
સુંઠ	,, ૧	પીપર	,, ૧
જાયફળ	,, ૧	લવંગ	,, ૧
જાવંત્રી	,, ૧	શુદ્ધ ભાંગ	,, ૧

विधी : બધી ચીજોને ત્રણ દિવસ લગી બારીક વાટી કપડ-છાણ કરી રાખવું.

प्रमाण : ના થી ૧ રતી.

अनुपान : સાકર અને મધ સાથે.

उपयोग : ટાઢીઓતાવ (શીતજ્વર) તથા કફવાતજ્વર મટાડે છે.

૪૨ मसुरिकारस

बनावट : રસસિન્દુર તોલા ૨, શુદ્ધ ગંધક તો. ૨ સાથે મેળવી તેને બીલપત્રનારસમાં એક બે દહાડા ઘુંટી વાટી લેવું, પછી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण : ૧ થી ૩ રતીભાર.

अनुपान : મધમાં દવા મેળવી ચાટી તેના પર તલવણી (હુલહુલ)નો રસ તો. ૧ પી જવો.

प्रमाण : ૧ થી ૩ રતીભાર. **अनुपान :** માખણ સાથે.

उपयोग : પ્રમેહ, ધાતુક્ષીણતા, નબળાઇ, ખાંસી, શ્વાસ, મૂત્રરોગ, ઉપદંશ, વગેરે મટાડી તાકાત લાવે છે.

३९ मदनकामेश्वररस

बनावट : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક અને અફીણ એ ત્રણે સમભાગે લેવાં.

विधी : એ ત્રણે દવાને વિધીસર મેળવી, નાગરવેલના પાનના રસમાં ઘુંટી, ચણોઠી જેવડી ગોળી કરવી.

प्रमाण : દરરોજ સાંજે ૧ ગોળી લેવી.

अनुपान : સાકર સાથે દવા લેવી, ઉપર ભેંસનું દૂધ પીવું.

उपयोग : સ્ત્રીસેવનની ઇચ્છા પ્રાપ્ત કરી, વધુ આનંદ ઉત્પન્ન કરે છે.

४० मल्लज्वरांकुश (१)

बनावट :

કળીચૂનો	તો. ૫	ટંકણખાર	તો. ૫
પીપરીકાઠી	,, ૫	સુરાખાર	,, ૫
સફેદ ફટકડી	,, ૫	સોમલ	,, ૧

विधी : આ સર્વ ચીજોને બારીક વાટી લીંબુનારસમાં [illegible] બનાવી, સુકવી માટીના સંપુટમાં નાખી કપડમાટી કરી ગજપુટના જેવું [illegible] એટલે અગ્નિ આપવી. ઠંડું થયે કાઢી લેવું અને તેનું વજન [illegible] વજને [illegible] લઈ તેનું [illegible] [illegible]

प्रमाण : [illegible]

अनुपान : [illegible]

उपयोग : તાવને રોકવા તાવ આવ્યા પહેલાં આપી શકાય છે. તાવ ઉતારવા માટે તાવ ચડયો હોય ત્યારે આપી શકાય છે. પરસેવો લાવી તાવ ઉતારે, ટાઢ મટાડે, યકૃત અને પ્લીહાની વૃદ્ધિમાં ફાયદો કરે. મંદાગ્નિ, અજીર્ણ, શૂળ, કફ, ખાંસી, જ્વર વિગેરેમાં સારો ફાયદો કરે છે.

पथ्य : દૂધ, ભાત આપી શકાય.

सुचना : નાનાં બાળકોને સંભાળીને યોગ્ય પ્રમાણમાં આપવું:

૪૧ मल्लज्वरांकुश (२)

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ સોમલ	,, ૧	મરી	,, ૧
શુંઠ	,, ૧	પીપર	,, ૧
જાયફળ	,, ૧	લવંગ	,, ૧
જાવંત્રી	,, ૧	શુદ્ધ ભાંગ	,, ૧

विधी : બધી ચીજોને ત્રણ દિવસ લગી બારીક વાટી કપડછાણ કરી રાખવું.

प्रमाण : ાા થી ૧ રતી.

अनुपान : સાકર અને મધ સાથે.

उपयोग : ટાઢીઓતાવ (શીતજ્વર) તથા કફવાતજ્વર મટાડે છે.

૪૨ मसुरिकारस

बनावट : રસસિન્દુર તોલા ૨, શુદ્ધ ગંધક તો. ૨ સાથે મેળવી તેને બીલપત્રનારસમાં એક બે દહાડા ઘુંટી વાટી લેવું, પછી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण : ૧ થી ૩ રતીભાર.

अनुपान : મધમાં દવા મેળવી ચાટી તેના પર તલવણી (દુધલુવ)નો રસ તો. ૧ પી જવો.

उपयोग : શીતળા–મસુરીકા નીકળેલા હોય ને તે બહુજ જોરમાં હોય તો આ દવા લેવાથી જલદીથી બહાર આવી શીઘ્ર આરામ કરી આપે છે.

४३ महावालार्करस

बनावट :

શુદ્ધ હિંગુલ	તો.	૨	પ્રવાલભસ્મ	તો.	૧
જસતભસ્મ	,,	૧	ફુલાવેલટંકણ	,,	૧
શંખભસ્મ	,,	૧	શૃંગભસ્મ	,,	૧
મુક્તાપિષ્ટ	,,	૧	તમાલપત્ર	,,	૧
એલચીબીજ	,,	૧	ઉપલેટ	,,	૧
સફેદમરી	,,	૧	ગોરોચન	,,	૧
કપુરકાચલી	,,	૧	પીપર	,,	૧
સોનાગેરૂ	,,	૧	ભીમસેની કપુર	,,	૧
કસ્તુરી	,,	૧	કેશર	,,	૦।

विधी : બધી ચીજોને બારીક વાટી [illegible] મેળવી તેમાં માખણ તો. ૨ નાંખી પછી મર્દન કરવું. ત્યારબાદ તેને લીંબુના રસમાં ૧૪ દિવસ સુધી ઘુંટી લેવું અને પછી ચીકાશ મટતાં રતીભારની ગોળી કરવી.

प्रमाण : ૧ ગોળી સવાર, સાંજ. **अनुपान :** મધ સાથે

उपयोग : ખાંસી, તાવ, ઇન્ફ્લુએન્ઝા, કફ, શરદી, [illegible] [illegible], હૃદરોગ વગેરે બાળકોના તમામ દર્દો મટાડે છે અને પૌષ્ટિક શક્તિ ઉત્તમ છે

नोंध : [illegible] કસ્તુરી અને ભીમસેનીકપુર તથા [illegible] [illegible]

૪૪ महामृत्युंज्यरस

बनावट : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, શુદ્ધ મનશીલ, મોરથુથાનીભસ્મ, તામ્રભસ્મ, કોડીભસ્મ, સિંધાલુણ, બાબચી, બીડલવણ, શંખભસ્મ, ચિત્રકમૂળ, હીંગ, કડુ, જવખાર, સાજીખાર, કાયફલ, રસવંતી, અરણી અને ફુલાવેલટંકણખાર બધી દવાઓ સમભાગે લઇ બારીક કરી સાથે મેળવી, તેને આદુ અને ગળોના સ્વરસમાં એકેક દિવસ મર્દન કરી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૨ ગોળી. **अनुपान :** મધ સાથે.

उपयोग : ગુલ્મ, યકૃતરોગ, બરલ, મંદાગ્નિ, અરૂચી અને ઉદરરોગ મટે છે.

૪૫ महामृत्युंज्यवटी

बनावट : શુંઠ તો. ૪, સિંધાલુણ તો. ૮, ટંકણફુલાવેલ તો. ૪, મરી તો. ૪, શુદ્ધ વછનાગ તો. ૪, પીપર તો. ૪, હિંગ તો. ૧, કપુર તો. ૦॥, અજમો, તો. ૪, લોબાન તો. ૨, જીરૂં તો. ૪, શંખભસ્મ તો. ૪, પારદ શુદ્ધ તો. ૨, ગંધક શુદ્ધ તો. ૨ બધાને વિધીસર મેળવી લીંબુનારસમાં ઘુંટી ચણા જેવડી ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** પાણી સાથે.

उपयोग : પ્લેગ (ગ્રન્થીજ્વર), ત્રિદોષજ્વર મટાડે છે તથા આ દવા લેવાથી પ્લેગ થતો અટકે છે.

૪૬ महाशंखवटी

बनावट : પારદ, ગંધક, વછનાગ, લોહભસ્મ, બંગભસ્મ, શુંઠ, મરી, પીપર, શુદ્ધ હિંગ, શંખભસ્મ, પાંચે જાતનાં લવણ

(સિંધવ, બીડ, સમુદ્ર, વડાગરૂં, કાચલવણ એ દરેક એક તોલો મળી તો. ૫ લેવા છે), આમલીનોક્ષાર, એ સોળ ચીજ દરેક એક તોલો લેવી.

विधी : આ ચીજોને વિધીસર મેળવી લેવી પછી તેને ચણાનોખાર, લીંબુ કે બીજોરાનોરસ, અઘેડા તથા ચિત્રકનોક્વાથ આ ચીજોની ચાર ભાવના આપી ઘુંટી ચણીબોર પ્રમાણે ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ગોળી સવાર, બપોર ને સાંજ

अनुपान : ગરમપાણી સાથે.

उपयोग : મંદાગ્નિ, શૂળ, ઝાડા, ઉલટી અર્શ, પાંડુ, અજીર્ણ, સોજા, ગુલ્મ તથા જ્વર આદિ પેટનાં સર્વ રોગ મટાડે છે.

४७ मात्तिकरसायन

बनावट : સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૧, સાબરશૃંગભસ્મ તો. ૧, કજ્જલી (પારદ ગંધકની) તો. ૧, બોરીગજીનાં ફુલનાંતંતુ તો. ૧ આ બધાને બારીકવાટી ખરલમાં ઘુંટી પાનના રસમાં મર્દન કરી સરસવનાદાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण : ૧ થી ૩ ગોળી.

अनुपान : આદુનો કે અરડુસીનોરસ અને તે સાથે મધ.

समय : સવાર અને સાંજ.

उपयोग : ક્ષય, ખાંસી, જ્વર, ન્યુમોનીઆ, જીર્ણજ્વર [illegible] વગેરેમાં ઉત્તમ ફાયદો આપે છે. [illegible] કરી આપવી.

४८ रसपीपरी

बनावट : શુદ્ધ પારો તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧
[illegible] ,, ૧ મરી ,, ૧

પીપર	તો. ૧	અતિવિષ	તો. ૧
કાકડાશીંગ	,, ૧	નાગરમોથ	,, ૧
મોચરસ	,, ૧	જાયફળ	,, ૧
જાવંત્રી	,, ૧	ફુલાવેલટંકણ	,, ૧
નાનીપીપર	,, ૧	કસ્તુરી	,, ০।

विधी : પારદ ગંધકની કજ્જલી કરી તેમાં કસ્તુરી મેળવી પછી બીજી દવાઓનું બારીક ચૂર્ણ કરી મેળવી પાણીથી ઘુંટી મગના-દાણા જેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ગોળી સવાર સાંજ.

अनुपान : દૂધ, મધ કે પાણી સાથે.

उपयोग : બાળકોના સર્વ રોગ માટે આ દવા પ્રસિદ્ધ ને ફાયદાકારક છે. શરદી, ખાંસી, તાવ, ઝાડા, નબળાઇ વગેરેમાં ઉપયોગી છે. આ દવા બિહારના વૈદ્યોમાં પ્રસિદ્ધ છે.

૪૧ रसमंडुर

बनावट :

મંડુરભસ્મ	તો. ૧૦	શુદ્ધ પારદ	તો. ૧૦
શુદ્ધ ગંધક	,, ૧૦	હરડેનુંચૂર્ણ	,, ૨૦
ભાંગરાનોરસ	,, ૧૬૦		

विधी : ખરલમાં પારદ ગંધકની કજ્જલી કરી તેમાં મંડુર મેળવી, પછી હરડેનુંચૂર્ણ મેળવી ભાંગરાનારસમાં મર્દન કરી તમામ રસ પી ને સુકાઇ જાય એટલે કપડછાણ કરી લેવું.

प्रमाण : ૬ થી ૧૨ રતીભાર.

अनुपान : ০। તોલો ઘી અને ૧ તોલો મધ સાથે.

उपयोग : અમ્લપિત્ત, પાંડુ, કમળો, પિત્તજન્યશૂળ, સંગ્રહણી અને મંદાગ્નિ મટાડી તાકાત લાવે છે.

૫૦ राजवल्लभरस

बनावट : શુદ્ધ પારદ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૩, ચિત્રકમૂળ તો. ૧, નવસાર તો. ૧૮ બધાને બારીક વાટી મેળવી રાખવું.

प्रमाण : ૩ થી ૬ રતીભાર. **अनुपान :** પાણી.

उपयोग : યકૃતદોષ, જ્વર, લીવરનોસોજો, પિતનોઉભાર અને પેટનાંદરદો મટાડે છે.

૫૧ रामबाणज्वरांकुश

बनावट : શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧
શુદ્ધ મનશીલ ,, ૧ શુદ્ધ સોમલ ,, ૨
સુવર્ણમાક્ષીકભસ્મ ,, ૧ અફીણ ,, ૧

विधी : બધાને ખરલમાં ઘુંટી તેમાં જંગલી કારેલાના પાનનોરસ નાખી ૨૧ દહાડા મર્દન કરવું, પછી તેની અડદનાદાણા પ્રમાણે ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૧ ગોળી પાણી સાથે.

उपयोग : દરેક પ્રકારનાં તાવ મટાડવા માટે રામબાણ ઉપાય છે.

नोंध : આ દવામા સોમલ આવે છે માટે બરાબર સમજીને ઉપયોગ કરવો.

૫૨ लघुमृगांकरस

बनावट : શુદ્ધ પારદ તો. ૧ સોનાનાંવરખ તો. ૧
[illegible] ,, ૨ શુદ્ધ ગંધક ,, ૧
શુદ્ધ [illegible] ,, ૦।

विधी : [illegible]

દવાને રાખી કપડમાટી કરી સુકવી લઇ એક માટીના હાંડલામાં મીઠું ભરી તેની વચ્ચે એ સંપુટ મુકી તેને ૩૬ કલાક ચૂલાપર રાખી તાપ આપવો પછી ઠંડુ કર્યા બાદ એ હાંડલાને ખોલી અંદરથી સંપુટ કાઢી ખોલી દવા લઇ બારીક વાટી રાખવી.

प्रमाण : ૧ થી ૨ રતીભાર.

अनुपान : મધ અને પીપર અથવા ઘી ને પીપર સાથે.

उपयोग : ક્ષયરોગ માટે આ રસ બહુજ પ્રસિદ્ધ અને ઉત્તમ બનાવટ ગણાય છે.

૫૩ लघुलोकनाथरस

बनावट : કોડીભસ્મ તો. ૨॥, મંડુરભસ્મ તો. ૨॥ બંન્નેને સાથે વાટી તેમાં ૫ તોલા ઘી નાંખી કડાઇમાં ધીમેતાપે પકાવી લઇ ઘી પચી જાય ત્યારે ઉતારી તેમાં ૫ તોલા મરીનુંચૂર્ણ મેળવી બારીક કરી પાનનારસમાં ઘુંટી સુકવી રાખવું.

प्रमाण : ૩ થી ૬ રતી દિવસમાં ૩ વખત.

अनुपान : મધ કે માખણ.

उपयोग : ક્ષયમાં આ દવા સારૂં કામ આપે છે. ૪૦ દહાડા આપવાથી સારો લાભ બતાવે છે.

૫૪ लोकनाथरस

बनावट : શુદ્ધ પારદ તો. ૨, શુદ્ધ ગંધક તો. ૨, કજ્જલી કરી તેને પીળીકોડી તોલા ૮ માં ભરી કોડીઓના મોઢાં ટંકણને દુધમાં વાટી તેથી બંધ કરી લેવા. પછી ૮ તોલા શંખના ટુકડા લેવા અને બે શરાવ લઇ તેમાં નીચે શંખના ટુકડા રાખી ઉપર કોડીઓ ગોઠવી તેના પર શંખના ટુકડા મુકી સરાવ ઢાંકી તેનાપર ત્યારબાંધી કપડમાટી કરી સુકવી લેવું. અને પછી તેને ૧૦ શેર

છાણાનો હલકો ગજપુટનો અગ્નિ આપી દેવો. અને પછી ઠંડુ થતાં દવાની કોડી તથા શંખના ટુકડા બળેલા મળે છે તે લઇ વાટી કપડછાણ કરી બાટલીમાં રાખી લેવું.

प्रमाण : ૩ થી ૬ રતીભાર.

अनुपान : કાળાંમરીનુંચૂર્ણ રતી ૬ થી ૧૨ લઇ તેમાં દવા મેળવી પિત્ત માટે માખણ, વાત માટે ઘૃત અને કફ માટે મધમાં દવા આપવી.

उपयोग : ક્ષય, અતિસાર, સંગ્રહણી, અરૂચી, ગુલ્મ, શુળ, ખાંસી, શ્વાસ અને નબળાઇ મટાડી પાચનશક્તિ સતેજ કરે છે. ખોરાક સાદો અને પૌષ્ટિક લેવો.

૫૫ लौहरसायन

बनावट : પારદ ગંધકની કજ્જલી તો. ૧, લોહભસ્મ તો. ॥, સુવર્ણમાક્ષિકભસ્મ તો. ॥, બધાને સાથે મેળવી તેને પીંડી (કાકમાચી)ના રસમાં ૩ દિવસ મર્દન કરી બાજરીનાદાણા જેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૨ થી ૪ ગોળી.

अनुपान : મધ અને પીપરનું ચૂર્ણ સાથે.

उपयोग : પાંડુ, કમળો, સોજા, [illegible], [illegible], કૃમિ, [illegible], [illegible], [illegible] વગેરે [illegible] [illegible] [illegible] [illegible].

૫૬ वडवानलरस

बनावट : [illegible]

અપામાર્ગક્ષાર, પલાશક્ષાર, વછનાગ આ કુલ્લે તેર દવાઓ એકેક તોલો લઈ તેને વિધીસર મેળવી લેવું.

विधी : ઘુંટેલી દવાને ચણાનોખાર, આદુનોરસ, હસ્તીશુંડી, વારનોરસ, આ ચીજોની એકેક ભાવના એ રીતે ૪ ભાવના આપવી. પછી તે દવાને સંપુટમાં રાખી હલકો લઘુપુટ આપવો ને પછી તૈયાર દવાને બારીક વાટી રાખવી.

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** મધ કે છાશ સાથે.

समय : સવાર, સાંજ.

उपयोग : પેટનાં સર્વ દરદો, સંગ્રહણી, ગુલ્મ, શૂળ, અને વાયુ મટે છે, પેટનાંદર્દોમાં ઉત્તમ છે.

૫૭ वसंततिलकरस

बनावट : સુવર્ણભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૨, લોહભસ્મ તો. ૩, રસસિન્દુર તો. ૪, શુદ્ધ ગંધક તો. ૪, બંગભસ્મ તો. ૨, મોતીભસ્મ તો. ૪, પ્રવાલભસ્મ તો. ૪, બધાને ખરલમાં બારીક વાટી મેળવી લેવું પછી તેને ગોખરૂનાકવાથની, વાસાપત્ર સ્વરસની, શેરડીનારસની એકેક ભાવના આપી ઘુંટી ગોળો કરી સુકવી સંપુટમાં રાખી બરોર છાણાનો હલકો અગ્નિ આપી, સંપુટ ખોલી ફરી એજ ત્રણ ચીજોની ભાવના આપી બીજીવાર હલકો અગ્નિ એજ રીતે આપવો. એવા સાત ગજપુટ પ્રથમ ભાવના આપીને દેવા, પછી તેમાં કસ્તુરી તો. ०। અને બીમસેનીકપુર તો. ०॥ મેળવી પાણીમાં મર્દન કરી સુકવી રાખવું.

प्रमाण : ૧ થી ૨ રતીભાર.

अनुपान : માખણ કે મધ સાથે.

उपयोग : ખાંસી, શ્વાસ, ક્ષય, પાંડુ, સંગ્રહણી, દર્જીર્ણજ્વર, પ્રમેહ, ધાતુક્ષીણતા મટી બળ અને વીર્યની વૃદ્ધિ થાય છે

૫૮ वसंतमालती

बनावट : સફેદમરીનુંચૂર્ણ તો. ૧૦ શુદ્ધ ખાપરીયું તો. ૨૦
ગાયનુંમાખણ ,, ૨

विधी : ખરલમાં પ્રથમની બે દવાઓને બરાબર મેળવી પછી તેનાં માખણ નાંખી બરાબર ઘુંટી લેવું, અને ત્યારબાદ તેમાં રોજ લીંબુનોનાજેરસ ગાળીને નાંખવો અને ઘુંટવું. લગભગ ૧૫ દહાડા સુધી એવી રીતે ઘુંટવાથી દવામાંની ચીકાશ દૂર થાય પછી તેની રતીભારની ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૨ થી ૩ રતીભાર

अनुपान : મધ અને પીપરનાચૂર્ણ સાથે.

उपयोग : જીર્ણજ્વર, બાલશોષ, પ્રદર, રાતે જાનો પસીનો, મંદાગ્નિ અને નબળાઈ મટાડે છે તથા સગર્ભાઓને આપવાથી તેને પણ ફાયદો કરે છે.

૫૯ वातगजकेशरी

बनावट : અભ્રકભસ્મ તો. ૧, [illegible] તો. ૧, કેશર તો. ૧, [illegible] તો ૧, [illegible] તો ૧, [illegible] તો. ૧, [illegible] તો. ૧, [illegible] તો. ૮, [illegible]

प्रमाण : [illegible] **अनुपान :** [illegible]

उपयोग : [illegible]

૬૦ वातगजांकुशरस (१)

बनावट : શુદ્ધ પારદ તો. ૮, શુદ્ધ ઝેરકુચલાં તો. ૮
શુદ્ધ ગંધક ,, ૮, શુંઠ ,, ૪
પીપર ,, ૪, મરી ,, ૪

विधी : પારદગંધકને ઘુંટી તેમાં બાકીની વસ્તુઓનું ચૂર્ણ મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण : ૧ થી ૩ રતીભાર. **अनुपान :** ઘીસાથે ચાટવું.

उपयोग : સર્વ પ્રકારનાં વાતવ્યાધિ અને વાયુનું શૂળ સત્વર મટાડે છે.

६१ वातगजांकुशरस (२)

बनावट : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, સુવર્ણ-માક્ષીકભસ્મ, માણેકરસ, (હરતાલનો બનાવેલો), હરડેછાલ, કાકડાશીંગી, શુદ્ધ વછનાગ, શુંઠ, મરી, પીપર, પીપરીમળ, ફુલાવેલટંકણ, આ ચીજો સમભાગે લઇ વિધીસર મેળવી બારીક કરી તેને ગોરખમુંડી અને નગોડનાપાનનારસની એકેક ભાવના દઈ બેરતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૨ ગોળી.

अनुपान : હીમજનાકવાથમાં જરા પીપરનુંચૂર્ણ નાંખી સવાર, સાંજ દવા લેવી.

उपयोग : વાતવ્યાધિ, ઉરૂસ્થંભ, કમરનુંદરદ અને સાંધાનું-દરદ વગેરેમાં સારો લાભ આપે છે.

६२ वातनाशकरसायन

बनावट : રસસિન્દુર તો. ૦l, લોહભસ્મ વાલ ૪
અભ્રકભસ્મ ,, ૦l, સુવર્ણભસ્મ ,, ૨

विधी : બધાને બારીકવાટી કુંવારનારસમાં મર્દન કરી રતીભારની ગોળી કરી લેવી.

अनुपान : ઘી સાથે લેવી. **प्रमाण :** ૧ થી ૨ ગોળી.

उपयोग : હ્રદયસ્થંભ, નબળાઈ, લકવો અને ક્ષય, રોગ વગેરે મટે છે.

६३ वातारिरस

बनावट : પ્રવાલભસ્મ તો. ૪, રૌપ્યભસ્મ તો. ૧, અભ્રકસત્વ ,, ૮.

विधी : એ બધાને એકત્ર કરી લેવું.

प्रमाण : ૩ રતીભાર. **अनुपान :** દૂધ સાથે.

उपयोग : અપસ્માર, વાતવ્યાધિ, મગજનોવાયુ, અને જ્ઞાન તંતુઓની નબળાઇ મટાડે છે.

६४ विजयचंद्ररस

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ મનશીલ	,, ૧	સુવર્ણભસ્મ	,, ૧
શુદ્ધ હરતાલ	,, ૧	મુક્તાપિષ્ટિ	,, ૧
સુવર્ણમાક્ષીકભસ્મ	,, ૧	પ્રવાલપિષ્ટિ	,, ૧

विधी : [illegible] કજ્જલી કરી તેમાં બાકી [illegible] કુંવારનારસમાં મર્દન કરીને [illegible] કજ્જલી કરી લેવી. એ કજ્જલીને [illegible] [illegible]

प्रमाण : ૧ રતીભાર.

अनुपान : રોગાનુસાર અથવા માખણ, મધ કે ઘી સાથે.

उपयोग : ક્ષય, પાંડુ, વાતવ્યાધિ, મંદાગ્નિ, શૂળ, પ્રમેહ, સંગ્રહણી, રક્તપિત, નબળાઇ, ધાતુક્ષીણતા સર્વ મટાડે છે.

૬૫ विजयमृगांकरस

बनावट :				
શુદ્ધ પારદ	તો. ૪	શુદ્ધ ગંધક	તો. ૪
શુદ્ધ વચ્છનાગ	,, ૪	કોડીભસ્મ	,, ૪
શંખભસ્મ	,, ૪	શુંઠ	,, ૪
મરી	,, ૪	પીપર	,, ૪

विधी : બધાને એકત્ર વાટી ખરલ કરી તેને લીંબુનારસની ૭ ભાવના આપવી પછી આદુનારસની ૭ ભાવના આપી અને રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** રોગ પ્રમાણે.

उपयोग : ખાંસી, શ્વાસ, આફરો, અપસ્માર, કોલેરા, આમવાત, પ્રમેહ, વાતવ્યાધિ અને તેના ઉપદ્રવોને મટાડે છે.

૬૬ विश्वतापहरणरस

बनावट : શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વચ્છનાગ, ફુલાવેલ-ટંકણખાર, તામ્રભસ્મ, શુંઠ, મરી, પીપર, અકલકરો, એ ચીજો દરેક સરખેભાગે યાને એકેક તોલો મળી ૯ તોલા લઇ, વિધીસર મેળવી પછી તેને કારેલાનાપાનનારસની એક ભાવના આપી મરી જેવડી ગોળી કરી સુકવી રાખવી.

प्रमाण : ૨ ગોળી.

अनुपान : સાકર અને જીરાનાપાણી સાથે લેવી.

उपयोग : વિષમજ્વર, જુનો અને હઠીલો તાવ કે જે ફરી ફરી આવતો હોય તે તાવ મટી જાય છે.

૬૭ वैतालेश्वररस

घनावट : શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧
શુદ્ધ વચ્છનાગ ,, ૧ મરી ,, ૧
શુદ્ધ હરતાલ ,, ૧ સુવર્ણમાક્ષીકભસ્મ., ૧

विधी : બધાને ખરલમાં બારીક વાટી આદુનારસમાં મર્દન કરી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** મધ અને પાનનોરસ.

उपयोग : સન્નિપાતજ્વર, શ્વાસ અને ગળામાં કફ બોલતો હોય તેવી ખરાબ હાલતમાં પણ દરદીને ટેકો આપે છે. ત્રિદોષજ્વર માટે સારી બનાવટ છે.

૬૮ श्वासकाळेश्वररस

घनावट : બંગભસ્મ, લોહભસ્મ, તામ્રભસ્મ, સુવર્ણમાક્ષીક ભસ્મ, શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, અભ્રકભસ્મ, શુદ્ધ હિંગુલ, શુદ્ધ વચ્છનાગ, શુદ્ધ [illegible], શુદ્ધ નેપાળો તથા કપૂર, હળદર, નાગકેશર, એલચી, [illegible] એ સર્વ દવાઓ બે બે તોલા લઈ બારીક [illegible] કરી જુદું રાખવું અને પ્રથમ [illegible] કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ભસ્મના [illegible] અને તેમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૨૧ [illegible] [illegible] [illegible]

प्रमाण : [illegible]

अनुपान : [illegible]

उपयोग : [illegible]

૬૯ शृंगाराभ्रक

बनावट : અભ્રકભસ્મ તો. ૧૬, શુદ્ધ પારદ, કપુર, જાવંત્રી, સુગંધીવાળો, ગજપીપર, તમાલપત્ર, લવીંગ, જટામાંસી, તાલીસપત્ર, તજ, નાગકેશર, કુષ્ટ, ધાવડીનાંફૂલ, હરડે, બહેડાં, આમળા, શુંઠ, મરી, પીપર દરેક તો. ૦॥, એલચી, જાયફળ, શુદ્ધ ગંધક એ દરેક તો. ૧.

विधी : પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મ મેળવી પછી બાકીની ચીજોનું બારીક ચૂર્ણ કરી, મેળવી બારીક ઘુંટી રાખવું. અને કપડછાણ કરી લેવું.

प्रमाण : ૩ થી ૬ રતીભાર.

अनुपान : મધ સાથે. **समय :** સવાર, બપોર અને સાંજ.

उपयोग : ક્ષય, શ્વાસ, ખાંસી, કફ અને છાતીનાંદરદો માટે ઉત્તમ છે.

૭૦ शिरशूलारिरस

बनावट :

શુદ્ધ પારદ	તો. ૪	શુદ્ધ ગંધક	તો. ૪
લોહભસ્મ	,, ૪	તામ્રભસ્મ	,, ૪
શુદ્ધ ગુગળ	,, ૧૬	ત્રીફળા	,, ૮
જેઠીમધ	,, ૧	ગોખરૂ	,, ૧
વાવડીંગ	,, ૧	પીપર	,, ૧
શુંઠ	,, ૧	દશમૂળ	,, ૧૦

विधी : પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બાકીની દવાઓનું બારીક કરેલું ચૂર્ણ મેળવી તેને દશમૂલનાકવાથમાં ત્રણ દહાડા ઘુંટી લેવું, અને પછી ઘીવાળો હાથ કરી ચણા જેવડી ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૨ થી ૪ ગોળી. **अनुपान :** બકરીકે ગાયનુદૂધ.

उपयोग : ગમે તે પ્રકારનું મસ્તકશૂળ (શીરોવેદના) મટે છે, માથાનું દરદ મટાડી મગજને પણ તાકાત આપે છે.

૭૧ शीतभंजीवटी

बनावट : કડુ, કાળીજીરી, કુલંજો, શુદ્ધ વચ્છનાગ, શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સમભાગે લેવાય. પ્રથમ પારદગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી તુલસીના રસમાં મર્દન કરી લેવું.

प्रमाण : ૨ થી ૬ રતીભાર. **अनुपान :** પાણી સાથે.

उपयोग : શીતજ્વર, ટાઢીઓતાવ મટાડવા માટે સારો ઉપાય છે.

૭૨ सिद्धामृतरस

बनावट : ઘી અને દૂધથી સાતવાર શુદ્ધ કરેલા નપાળા તો. ૧. [illegible] તો. ૪. [illegible] પુટી [illegible] તો. ૧૨. [illegible] શુદ્ધ [illegible] તો. ૪ [illegible] નાખી, ઘુંટી, [illegible] કરી લેવું.

प्रमाण : [illegible] **अनुपान :** [illegible]

उपयोग : [illegible]

नोंध : [illegible]

૭૩ सूतिकाविनोदरस

बनावट : [illegible]

તામ્રભસ્મ	તો. ૨	જાવંત્રી	તો. ૧
લોહભસ્મ	,, ૨	તજ	,, ૧
અભ્રકભસ્મ	,, ૨	લવંગ	,, ૧
રસસિંદુર	,, ૨	હળદર	,, ૧
સુવાબીજ	,, ૧	અતિવિષ	,, ૧
અસેળીઓ	,, ૧	સિંધાલુણ	,, ૧
વજ	,, ૧	કાળીપાટ	,, ૧

विधी : બધાને બારીક વાટી લઇ સાથે મેળવી તેને દેવદાર્વાદિકવાથની ૩ ભાવના આપવી પછી નગોડનાપાનનોરસ લઇ તેની ૧ ભાવના આપી ઘુંટી ચણા જેવડી ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૨ ગોળી.

अनुपान : પાણી સાથે, દશમૂલકવાથ સાથે.

समय : સવાર, સાંજ.

उपयोग : સુવાવડીનાંદરદો, સુવારોગ, તાવ, ખાંસી, ઝાડા, મંદાગ્નિ, નબળાઇ તથા ગર્ભાશયનીકમજોરી મટાડી તાકાત આપે છે.

૭૪ हरगौरीरस

बनावट :

રસસિંદુર	તો. ૧	અભ્રકભસ્મ	તો. ૧
સુવર્ણભસ્મ	,, ૧	રૌપ્યભસ્મ	,, ૧
બંગભસ્મ	,, ૧	સુવર્ણમાક્ષીકભસ્મ	,, ૧
નાગભસ્મ	,, ૧	તામ્રભસ્મ	,, ૧
કાન્તભસ્મ	,, ૧	અફીણ	,, ૩
કૌચબીજ	,, ૩	એખરો	,, ૩

विधी : ભસ્મોને બરાબર મેળવી તેમાં બીજી ચીજો મેળવી ઘુંટી લેવુ પછી તેને ગાયનુંદૂધ, સેમળાનાંમૂળનોરસ, તાડનાંમૂળનોરસ એ ત્રણેની એકેક ભાવના આપી ચણા જેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી.

अनुपान : સાકર અને ઘી સાથે.

उपयोग : પ્રમેહરોગ મટાડી મનુષ્યને નવયુવાન બનાવે છે.

૭૫ क्षयकेसरीरस

बनावट : સુંઠ, મરી, પીપર, હરડેછાલ, બહેડાછાલ, આમળા, એલચી, જાયફળ, લવંગ એ દરેક એક એક તોલો મળી તોલા ૯ તથા લોહભસ્મ તો. ૯.

विधी : બધાને બારીક વાટી બકરીના દૂધમાં મર્દન કરી ચણા જેવડી ગોળી કરી સુકવી લેવી.

प्रमाण : ૨ ગોળી. समय : સવાર સાંજ.

अनुपान : દૂધ અથવા મધ સાથે.

उपयोग : ક્ષય અને તેના ઉપદ્રવ માટે આ યોગ સરસ ઉત્તમ છે તે સાથે તે વાજીકરણ પણ છે.

प्रकरण ३ जुं—कुपीस्थरस

૭૬ अमीरस

बनावट : [illegible]

ઢાંકી આપો ને બાકી રહેલ સીંધાલુણ તો. ૧૦ ને પાણીમાં વાટી વાટકાને તાવડીની સાંધપર લેપ કરી સંધી બંધ કરી સુકવી લ્યો, પછી એ તાવડીને ચૂલાપર રાખી ૯ કલાક સાધારણ તાપ આપો. અંદર રહેલ રસ ઉડીને વાટકામાં લાગી જશે. આ વેળા વાટકાપર ભીનું કપડું ઠંડક માટે ચાલુ રાખશો. ઠંડુ થતાં સંભાળથી વાટકો ખોલી તેમાં લાગેલ ચમકદાર રસ-પુષ્પ હશે તે કાઢી લ્યો. આનુંનામ અમીરરસ છે.

प्रमाण : ૧ રતી.

अनुपान : કાળીદ્રાક્ષની લુગદી વચ્ચે દવા રાખી દાંતને ન લાગે તે રીતે દવા ગળી જવી, સાત કે નવ દહાડા રોજ બે વખત લેવી.

उपयोग : ચાંદી, ઉપદંશ, વીસ્ફોટક, ગડીઓવાયુ, સાંધા-ઝલાઇજવા, સાંધાપરસોજોથવો, ગરમીફુટીનીકળવી તથા ચાંદી હોવી વગેરે માટે છે.

पथ्य : ઘઉંનીરોટલી, ભાત, દૂધ, સાકર ને ઘી લેવું બીજું સર્વ બંધ કરવું.

सूचना : દવા લેવાથી કદાચ મોઢું આવી જાય તો દવા બંધ કરી બાવળ અને બોરડીનાછાલનો કવાથ કરી તેનાં કોગળા કરવા જોઇએ તો મટી જશે. ગભરાવું નહિ. દવા રામબાણ છે ને તુરત લાભ કરે છે માટે સમજીને કરવી જોઇએ.

૭૭ नवग्रहराजशिरोभूषण

बनावट :			
પીળુંસોમલ	તો. ૨	શુદ્ધ હિંગલો	તો. ૨
શુદ્ધ ગંધક	,, ૨	શુદ્ધ પારદ	,, ૨
ગૌદંતીભસ્મ	,, ૨	શુદ્ધ મોરથુથો	,, ૨
શુદ્ધ મનશીલ	,, ૨	શુદ્ધ ખર્પર	,, ૨

नोंध : આ પ્રયોગ વર્ષમાં ફક્ત એકજ દિવસે કરવાનો છે પણ તેની અસર બહુજ સારી રહે છે.

लाभ : આનાથી બુદ્ધિ તિવ્ર બને છે, યાદશક્તિમાં ખાસ વધારો થાય છે. વિદ્યાર્થીઓ માટે તેમજ વક્તા અને લેખક તથા કવિઓ માટે આ યોગ સર્વોત્તમ છે.

૪૯૪ संतानप्रदयोग

बनावट : ચાહછરૂં, કાળાંમરી, નાગકેશરઅસલી, અજમો બધી ચીજો સમભાગે લઇ ચૂર્ણ કરી રાખવું.

प्रमाण : ।। તોલો. **अनुपान :** ગરમપાણી.

समय : રૂતુ આવે તેજ દહાડેથી આ દવા લેવી.

उपयोग : રૂતુ સાફ લાવવા ઉપરાંત ગર્ભ ધારણ લાયક શક્તિ વધારવા માટે ઉત્તમ છે.

૪૯૫ क्षयनिवारकयोग

बनावट : સાચામોતીનીછીપનીપિષ્ટી તો. ૧, કાયફળનીછાલ તો. ૩, બધાને બારીક વાટી લેવુ. અને તેને નાનીદરડેનાકચાથમાં ઘુંટી ચણોઠીજેવડી ગોળી કરી લેવી.

प्रमाण : ૧ ચાર ગોળી. **समय :** સવાર, બપોર ને સાંજ.

अनुपान : અરડુસીનાશરબત સાથે ગોળી વાટી મેળવીને આપવી.

उपयोग : ક્ષયરોગમાં સારો લાભ આપે છે.

४९१ शीतलाप्रतिबंधकयोग

बनावट : [illegible] ([illegible]) [illegible] [illegible]

प्रमाण : [illegible] **अनुपान :** [illegible]

उपयोग : આ [illegible] [illegible] ત્યારે [illegible] [illegible] દવા [illegible] [illegible] આપવી.

४९२ शूलहरयोग

बनावट : અજમો તો. ૧, અફીણ રતી ૮, સોડીબાયકાર્બ તો. ૦॥, તાલમખાણા તો. ०॥, બધાને બારીક વાટી આકડાનાદૂધમાં મર્દન કરી રતીભારની ગોળી કરી લેવી.

प्रमाण : ૧ થી ૨ ગોળી. **अनुपान :** ગરમ પાણી સાથે.

उपयोग : ગુરદાનુંદરદ, પેટનુંશૂળ વગેરેનું હરે તો આ ગોળીથી મટે છે.

सूचना : ભોંયરીંગણીમૂળ, પાષાણભેદ, ગોખરૂ અને કળથીનો કવાથ કરી તેમાં યવક્ષાર મેળવી આ દવા લેવાથી ગુરદાનાદરદમાં તુરત લાભ આપે છે.

४९३ सिद्धिदाताप्रयोग

बनावट : હળદર, બ્રાહ્મી, બાવચી, વજ, સુંઠ, આદુ આ ૭ ચીજો દરેક ૦ તોલો લઈ વાટી લેવું. અને તેમાં ગાયનુંઘી તોલા ૫ મેળવી તૈયાર કરી લેવું.

विधी : આ તૈયાર થએલી દવા એક વખતમાં ખાવાની છે. પ્રથમ જુલાબ લઇ શરીરને શુદ્ધ કરી લેવું, અને માઘમાસની મહાશીવરાત્રીને દિને સવારમાં સૌચાદિથી નિવૃત થઇ સ્નાન

કરી સુકવી લેવું કે રતીભારની ગોળી કરી રાખવી.

પ્રमाण : ૧ રતીભાર. **अनुपान :** મધ અને પીપર સાથે.

उपयोग : ક્ષય, સુવારોગ, પાંડુ, શ્વાસ, ખાંસી, જીર્ણજ્વર, મંદાગ્નિ, હૃદયનીનબળાઈ, ધાતુક્ષીણતા વગેરે મટાડવા ઉત્તમ માત્રા છે અને જુદા જુદા અનુપાનથી આ દવા અનેક રોગોમાં વપરાય છે.

૪૯૮ विभितकवटी

बनावट :

બહેડાંછાલ	તો. ૨	કાળાંમરી	તો. ૦ાા
જેઠીમધ	,, ૧	પીપર	,, ૧
એલચીબીજ	,, ૦ાા	કુલીજન	,, ૧
વંસલોચન	,, ૧	કાથો	,, ૧
સિંધાલુણ	,, ૧	યવક્ષાર	,, ૧

विधी : બધી ચીજોને જુદી જુદી બારીક વાટેલી લઇ ખરલમાં ઘુંટી તેમાં આદુનોરસ મેળવી ઘુંટી લેવું. અને ચણા જેવી ગોળી વાળી છાંયામાં સુકવી લેવી.

प्रमाण : ૬ થી ૧૨ ગોળી.

अनुपान : એકેક ગોળી મોંમા રાખી ચૂસવાની છે.

उपयोग : આ ગોળી ખાંસી માટે સારી છે, તેનાથી કફ છુટે છે. શ્વાસમાં ફાયદો થાય છે ને ફેફસાનીદરદી તથા દુખાવા પણ મટે છે. અકંદરે ખાંસી માટે ઉત્તમ છે.

૪૯૯ मृत्युंज्यरस

बनावट :

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
સાજીખાર	,, ૧	યવક્ષાર	,, ૧
ત્રીકટુ	,, ૩	ત્રીફલા	,, ૩
વાવડીંગ	,, ૧	મીંઢીળનાંબીજ	,, ૧
શુદ્ધ નેપાળો	,, ૮		

प्रकरण २३ मुं—परिशिष्ट

४९६ सांसीनोक्वाथ

बनावट : [illegible], [illegible], જેઠીમધ, કટે[illegible], [illegible], [illegible], [illegible] (ડાંડા) આ દરેક ચીજ બબ્બે તોલા લઈ તેનો ભુકો [illegible] બુકો કરી તેની સાત પડીકી કરી લેવી. એક પડીકી ક્વાથમાં એક શેર (૮૦ તોલા) પાણી નાંખી ક્વાથ કરવો, અને ૫ તોલા રહે ઉતારી ગાળી તેમાં થોડુંક મધ ને થોડીક સાકર નાંખી દવા પાઈ દેવી.

उपयोग : ખાંસી, શ્વાસ અને કફ મટાડે છે આ દવા ગળાનાં વિકારોમાં ઉત્તમ છે. ફક્ત ૭ દહાડા લેવાથી સારો લાભ થાય.

सूचना : દેરગનાંગલ (ડાંડા) આ ચીજ દક્ષિણ હિંદુસ્થાનમાં પુષ્કળ થાય છે ને આ મરાઠી નામથીજ મુંબઈમાં મળે છે.

४९७ महतसुवर्णमालिनीवसंत

बनावट :

સોનાનાંવરખ	તો. ૧॥	ચંદ્રોદય	તો. ૨॥
મુક્તાપિષ્ટ	„ ૧	પ્રવાલપિષ્ટ	„ ૧॥
નાગભસ્મ	„ ૧	બંગભસ્મ	„ ૧
અભ્રકભસ્મ	„ ૧॥	યશદભસ્મ	„ ૫॥
ગોરોચન	„ ૧	અંબર	„ ૧
કસ્તુરી	„ ૧	પીપર	„ ૧
રૌપ્યભસ્મ	„ ૧	સફેદમરી	„ ૩॥
કેશર	„ ૧	માખણ	„ ૨॥

विधी : બધી ચીજોને બારીક કરી તેમાં માખણ મેળવી પછી બરાબર ઘુંટવું અને ત્યારબાદ લીંબુનારસમાં ૨૧ દિવસ મર્દન

તેમાં ૨૦ તોલા બીઃખુડી (એક જાતનાં જીવડા) નાંખી ખુલ્લી જગામાં ચુલાપર મુકી તાપ આપી ભસ્મ કરી લેવી અને તે વેળા બરાબર હલાવતા રહેવું. છેવટે બરાબર તૈયાર થયા બાદ ઠંડુ કરી તે ભસ્મ વાળી કડાઇમાં ફુંક મારી ઉડી જાય તેવો ભુકો ઉડાવી દેવો અને બાકી ભસ્મ રહે તે સભાળી લઇ ખરલમાં વાટી કપડછાણુ કરી બાટલીમાં રાખી લેવું. આ ભસ્મ પાણીમાં તરે તેવી સુંદર બને છે.

प्रमाण : ૨ રતીભાર. **अनुपान :** મલાઇ કે માખણ સાથે.

उपयोग : નબળાઇ, પાંડુ, ધાતુક્ષીણતા, નસોનીકમજોરી, પીકાશ વગેરે મટાડી વીર્ય-લોહી જલદી વધારે છે.

पथ्य : સારો અને પૌષ્ટિક ખોરાક લેવો જોઇએ.

૫૦૧ शतावरीआसव

बनावट : લીલીશતાવરીનોરસ તો. ૪૦૦.

ધાવડીપુષ્પ	તો.	૬૪	ગોળ	તો.	૧૦૦
મરી	,,	૪	લવંગ	,,	૪
પીપર	,,	૪	મોચરસ	,,	૪
સુવા	,,	૪	જીરૂં	,,	૪
સફેદમુશલી	,,	૪	જાવંત્રી	,,	૪
અકલકરો	,,	૪	કેશર	,,	૧

विधी : રસમાં ગોળ મેળવી પછી બાકીની ચીજોનું ચૂર્ણ મેળવી બે માસ ઠીક બંધ કરી ગરમ જગાપર રાખી પછી ગાળી બાટલીમાં ભરી લેવું.

प्रमाण : ૧। તોલો. **अनुपान :** પાણી.

समय : સવાર સાંજ જમ્યા પછી.

उपयोग : ક્ષય, પ્રદર, ધાતુક્ષીણતા, જીર્ણજ્વર, ખાંસી, રક્તવિકાર, શ્વાસ વગેરે મટી તાકાત વધારે છે

———

વિધી : ખાણી મેળવીને બરાબર બારીક કરી ખરલમાં ઘુંટી તેમાં નાગરવેલનાપાનનોરસ મેળવી મગ જેવડી ગોળી કરી લેવી.

પ્રમાણ : ૧ ગોળી. **સમય :** સવાર, સાંજ.

અનુપાન : ગોળી મુખમાં રાખી ઉપર પાન ખાવું.

ઉપયોગ : જ્વર, આમવાત અને વાતોદર તથા પ્લીહોદર મટાડે છે.

સૂચના : ગોળી ખાધા પછી જુલાબ જેવું લાગતા હોય તો તલનુંતેલ માથામાં નાંખવું તેમજ શરીરે મર્દન કરવું ને ગરમ પાણીવડે સ્નાન કરવું.

પથ્ય : ખીચડી અને ઘી આપી શકાય.

૫૦૦ वाजीकरणलोहभस्म

બનાવટ : ઉત્તમલોહનુંબારીકચૂર્ણ તો. ૨૦, સફેદસોમલ તો. ૪, હરતાલવરખી તો. ૪, પારદ તો. ૪, ગંધક તોલા ૪, કપુર દેશી તોલા ૨, આમાં કપુર સિવાયની બધી ચીજો શુદ્ધ કરેલી લેવી જોઇએ.

વિધી : શુદ્ધ લોહચૂર્ણમાં સોમલ તો. ૧, કપુર બેઆની-ભાર મેળવી કુંવારનારસમાં ઘુંટી ટીકડી કરી સુકવી સંપુટમાં રાખી બંધ કરી ગજપુટ અગ્નિ આપવો. છાણા આશરે ૫ શેર બંગાલી તોલનાં લેવાં જોઇએ. પછી તેને કાઢી બારીક વાટી તેમાં હરતાલ તો. ૧ તથા કપુર બે આનીભાર નાંખી કુંવારના રસમાં ઘુંટી ટીકડી કરી સુકવી સંપુટમાં રાખી બીજો ગજપુટ દેવો એવી રીતે ત્રીજીવાર ગંધક અને ચોથીવાર પારદનો ગજપુટ આપવો. દરેક વખતે કપુર નાંખતા જવું. આ ચારપુટ પછી એવીજ રીતે બીજા, ત્રીજા અને ચોથા ચાર પુટો આપવા, આમ કુલ્લે ૧૬ ગજપુટ આપવા જોઇએ. અને પછી જે ભસ્મ તૈયાર થાય તેને કડાઇમાં નાંખી

प्रकरण २४ मुं—वैद्यकपरिभाषा

દવાઓ તૈયાર કરવા બાબતની સમજણ.

क्वाथ—આપણી ભાષામાં ઉકાળો, ક્વાથ, કાઢો એ નામથી આ બનાવટ ઓળખાય છે. સુકી વનસ્પતિ લાવી તેને જાડી કુટી એક કલઈ કરેલા તપેલામાં કે માટીના વાસણમાં ૧ ભાગ દવા અને ૪ થી ૮ અથવા ૧૬ ભાગ પાણી નાખી જ્યારે ચોથો કે આઠમો ભાગ બાકી પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને પછી તેમા ઉપરથી નાખવાની કોઇ ચીજ બતાવેલી હોય તો તે મેળવી આપવી આનું નામ તૈયાર ક્વાથ છે. તે લીલી વનસ્પતિનો પણ બનાવી શકાય છે. ક્વાથ બનાવતી વખતે વાસણ ખુલ્લું રાખવું, સખત દવાઓ હોય તો સોળગણું પાણી, સામાન્ય દવાઓ માટે આઠગણું પાણી અને લીલી દવાઓ માટે ચારગણું પાણી નાખવું બરાબર દેખાય છે. ક્વાથ માટે વનસ્પતિ ૧ થી ૨ તોલા લેવાય, પ્રવાહી તૈયાર થએલા ક્વાથનું પ્રમાણ એક વખત માટે ૨ થી ૪ તોલા લેવાય.

चूर्ण—સુકી દવાઓને સાફ કરી લખેલા વજન પ્રમાણે લઈ તેને જરા તડકે સુકવી બારીક ખાંડી ચાળણી કે કપડાથી ચાળી લેવું તેનું નામ ચુર્ણ છે. તેની માત્રા ૦ા થી ૦ાા તોલા સુધીની ગણાય છે.

गोळी : ગોળીને ગુટી, વટી, વટક કે પીલ્સ કહેવામાં આવે છે. બારીક કરેલા ચુર્ણને પાણી સાથે, મધ સાથે, કોઈ વનસ્પતિના સ્વરસ કે ક્વાથ સાથે ઘુંટીલઈ લખેલા પ્રમાણની ગોળી બનાવી છાંયે સુકવી લેવી તેનું નામ ગોળી છે. જે બનાવટના ગુગળ આવે તેનો પ્રથમ ગુગળ નો ક્વાથ કરી તેમા સુકી વસ્તુઓ નાખી લોદા જેવું કરી પછી ગોળી વાળવા જેવું થતા હાથે દાબ કરી ગોળી બનાવી લેઈએ. કેટલીક બજારી ગોળી સુકવવા માટે ઉપર પાઉડર તરીકે પાપાનુનરસનો ભૂકો છાંટવામા આવે છે.

અગત્યની સૂચના

આ પુસ્તકમાં વપરાયલા તોલ બાબત નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવાની છે.

૧ બનતાં લગી વજન તોલાભાર યાને રૂપીઆ-ભારનાં વજનમાંજ બતાવેલ છે.

૨ રતલ લખેલ હોય ત્યાં ૪૦ તોલા અને શેર લખેલ હોય ત્યાં ૮૦ તોલા સમઝને હિસાબ ગણવાનો છે.

૩ ગુજરાતમાં ૪૦ રૂપીઆભારનો શેર ગણાય છે પણ અહિં ૮૦ રૂપીયાભારનો શેર ગણાય છે એટલે આ પુસ્તકમાં તો સર્વત્ર ૮૦ રૂપીયાનો શેર ગણવાનો છે.

૪ માસાનું વજન આવે ત્યાં ૮ રતીનો એક માસો અને ૧૨ માસાનો એક તોલો ગણી લેવાનું છે.

૫ પ્રવાહી માપમાં ૧૦૦ તોલાનો સવાશેર કે ૪૦ તોલાના ૧૬ ઔંસ ગણી ગમે તે સરળ રીતે માપ કરી લેવાનું છે.

૬ વિશેષ તોલ માપ માટે તથા દવાઓ બનાવવાની વિધી અને પરિભાષાના શબ્દો માટે આ પ્રકરણની પાછળ આપેલા ૨૪ મા પ્રકરણની પરિભાષા વાંચી લેવી.

લેખક :

વગેરે નાખવાનું હોય તે નાખી ધીમે તાપે એક બે દહાડામાં પકાવી લેવું. જ્યારે તેલ માત્ર રહેલું જણાય ત્યારે ઉતારી ગાળી લેવું એને તેલ કહે છે. તેલ બનાવવા માટે વાસણ મોટું લેવું. એકજ દહાડામાં તેલ પકાવી ન લેવું અને તાપ બહુજ ધીમો રાખવો, પાક કરતી વખતે કાચો પણ ન રહે તેમ અંદરનો કલ્ક બળી પણ ન જાય તેવી રીતે મધ્યમ પાક કરવો અને તે કલ્કને અગ્નિપર નાંખતા તડ, તડ, અવાજ ન આવે તો પાક બરાબર તૈયાર થયો સમજી ઉતારી લેવું.

घृत : ઉપર બતાવેલ વિધી પ્રમાણે તૈયાર થાય છે. આમાં તેલને બદલે ઘૃત વાપરવું જોઇએ.

फांट : દવાના જાડા ભૂકાને–ચુર્ણને ચાર કે આઠગણા ખળ-ખળતા ગરમ પાણીમાં નાખીને થોડીવાર પછી ઉતારી ઢાંકી લેવું અને પછી ઠંડું થતાં ગાળીને પીવામાં વાપરવું એને ફાંટ કહે છે.

अर्क : લીલી કે સુકી દવાઓ, તાજાં ફુલ વગેરેને નલીકાયંત્રમાં આઠગણા પાણીમાં ૨૪ કલાક પલાળી રાખી પછી યંત્રને બરાબર બંધ કરી ચુલા ઉપર ગોઠવી અર્ક કાઢવામા આવે છે. જે દવાઓમાં આકાશ કે વાયુ તત્વ હોય–તૈલ દ્રવ્ય હોય તેનુંજ અર્ક બને છે. જેમકે ગુલાબ-ફુલ, સુવા, વરીઆરી, અજમો વગેરે. આ દવાઓને સાફ કરી આઠગણા પાણીમા પલાળી લેવી પછી તેનાથી દસ શેર પાણી હોય તો છ શેર અર્ક કાઢવો તેમાં પૂર્ણ સત્વ આવશે. કેટલીકવાર દેશી ઉકાળા કે સુદ-ર્શન જેવી ચીજેનો પણ અર્ક કાઢવામા આવે છે. આ અર્ક ગુણમાં મૃદુ તથા પીવામા સ્વાદિષ્ટ હોવાથી સૌ વાપરી શકે છે.

पुटपाक : લીલી અથવા સુકી દવાને ખાંડી ચટણી જેવો ગોળો કરી તેને ભીના કપડામા લપેટી ઉપર માટી લેપડી ને.ના જેવું કરી સામાન્ય કોલસા તાપ વચ્ચે રાખી તે ગોળો લાલ થવા કાઢી દવાથી રસ કાઢી લેવો. આ રસમા ગુણવાન મધ નેજવી રાખો. તેવુ તેવી બનાવ્યા ન.દ. માત્રા ૦।। થી ૧ તોલા.

अवलेह-चाटण : લીલી કે સુકી વનસ્પતિને પાણીમાં નાખી ઉકાળો કરી અમુક ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેને ફરી ચુલા પર મુકી મંદાગ્નિ વડે પાક કરવો. તે જાડો થવા માંડે ત્યારે તેમાં ગોળ કે સાકર નાખવાની હોય તે મેળવી આપવી અને પછી જાડું થાય ત્યારે તેમાં ઉપરથી નાખવાનું ચુર્ણ બારીક કરેલું હોય તે મેળવી આપવું. ઠંડુ થાય ત્યારે મધ મેળવવાનુ હોય તે મેળવી આપો એટલે તે અવલેહ તૈયાર થયો કહેવાય. અવલેહ બરાબર ન થાય તો તે બગડી જાય છે માટે તેની પરિક્ષા કરવી કે "પાણીમાં તેને નાખતા તળીએ બેસી જાય અને છુટું ન પડે તો તેમ જાણવું કે બરાબર છે." કેટલીકવાર મધમાં સુકી દવાઓનું ચુર્ણ મેળવીને પણ ચાટણ બનાવાય છે.

आसव : સુકી લીલી દવાઓને ખાંડી જાડો ભુકો કરી તેમા પાણી નાખી જરા નરમ કરી ઉતારી તેમા સાકર, ગોળ કે મધ જે કંઈ નાખવાનું હોય તે મેળવી દવાને એક વાસણમાં ભરી બંધ કરી બે માસ રાખી મુકી પછી ગાળીને વાપરવું તેનું નામ આસવ છે. આસવ માટે વાસણ રીઢું હોય તો માટીનું લેવાય, ચીનીનુંપાત્ર કે લાકડાનુંપીપ પણ વાપરી શકાય.

अरिष्ट : દવાના ભૂકાનો ઉકાળો કરી અમુક ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં સાકર, મધ કે ગોળ મેળવી થોડાક દહાડા એક વાસણમા ભરી મોઢે કપડું બાંધી તેમાં ખમીર આવી શાંત પડી જાય ત્યાંલગી નિર્વાતસ્થાનમાં રાખી પછી ગાળી તેમા પ્રક્ષેપની વસ્તુઓ મેળવી બંધ કરી બે માસ રાખી પછી ગાળી લેવું તેને અરિષ્ટ કહે છે. પાત્ર ઉપર આસવમા બતાવ્યા પ્રમાણે લેવાય.

शरबत : કોઇપણ લીલી કે સુકી વનસ્પતિનો ક્વાથ, રસ અથવા અર્ક કાઢી તેમા સાકર નાખી ચાસણી કરી ગાળી રાખવું. તેનું નામ શરબત છે. કેટલીકવાર ચાસણીમાં એસેંસ મેળવીને શરબત બનાવાય છે.

तेल : લીલી વનસ્પતિનોરસ, સુકીનો કે લીલીનો ક્વાથ કરી તે ક્વાથમા તેલ તથા દવાઓનો કલ્ક અને તે સાથે દૂધ, છાશ, ગોમૂત્ર

अंजन : આંખમાં આંજવાની દવાને અંજન કહે છે. સુરમા રૂપે, પ્રવાહી ટીપાં રૂપે કે સળી ભરી આંજી શકાય તેવા મલમ રૂપે તે હોય છે. કેટલીકવાર ગોળી કે વાટ રૂપે હોય છે તેને ઘસીને આંજી શકાય છે.

नस्य : નાકમાં સુંઘવાની દવાને નસ્ય કહે છે, પછી તે ચુર્ણ તેલ કે ઘી રૂપે ગમે તે હોય પણ નસ્ય કહેવાય છે.

पोटीश : લોટ, ચુર્ણ અથવા અળશી જેવી ચીજના જાડા ભૂકાને ગરમ પાણીમાં મેળવી, બાફીને કે સુકીજ સેકીને પોટલી વચ્ચે રાખી દરદવાળી જગાએ શેક માટે વપરાય તેને પોટીશ કહે છે.

धूप-धूमाडी : અગ્નિ એક વાસણમાં રાખી તેનાપર દવા નાખવી અને તેનો ધુમાડો શરીરના કોઇ પણ ભાગમાં જ્યાં દરદ હોય ત્યાં આપવો અથવા રહેવાના મકાનમાં ધુમાડો કરવો તેને ધુપ કે ધુમાડો કહે છે.

धूम्रपान : બીડી કે હોકા રૂપે અથવા ચલમમાં દવા ભરીને ધુમાડો પીવાના કામમાં વાપરવો અથવા અંગારાપર દવા છાંટી તેનો ધુમાડો શ્વાસમાં લેવો તેને ધૂમ્રપાન કહે છે.

बंधारण : શરીરના કોઇપણ ભાગને નરમ કરવા, શેક આપવા કોઈ દવા કે વસ્તુ બાંધવામાં આવે તેને બંધાણ-બંધારણ કહે છે.

वाट : યોની અથવા ગુદાના ભાગમાં અથવા કોઇ જખમની જગામાં દવા મુકવી હોય ત્યારે દવાની વાટ કે રૂમાં પલાળીને તેની કરેલી વાટ મુકવામાં આવે તેને વાટ કહે છે બીજું નામ ફલવર્તી કે સોગઠી પણ કહેવાય છે.

कोगळा : દવાના ચુર્ણને પાણી સાથે મેળવી અથવા સુકી દવાનો કવાથ કરી તે દવા મોમાં રાખી ફેંકી દેવામાં આવે તેને કોગળા-ગંડુષ કહેછે.

बस्ती-पीचकारी : પીચકારીમાં પ્રવાહી દવા ભરી તેને મૂત્રમાર્ગે કે ગુદામાર્ગે અંદર મુકવામાં આવે તેને એક પ્રકારની પીચકારી કે બસ્તી કહે છે. યોની સાફ કરવા કે દરદ મટાડવા માટે દવામાં દવા ભરી

रसक्रिया : કોઈપણ લીલી કે સુકી વનસ્પતિનો ઉકાળો કરી પછી તેને ગાળી કરી તેને ફરી ધીમા તાપે ઉકાળતાં ઘાટ—અવલેહ જેવું થઈ જાય ત્યારે ઉતારી મુકી દેવું તેનું નામ ઘન કે રસક્રિયા કહેવાય છે.

स्वरस : લીલી વનસ્પતિને ખાંડી પાણી નાખી ચટણી કરી લેવી તેવીજ રીતે સુકી વનસ્પતિને ખાંડી પાણી નાખી ચટણી બનાવી લેવી પછી તેને દબાવી રસ કાઢી લેવો તેનું નામ સ્વરસ છે. તેની માત્રા ૧ થી ૨ા તોલાની ગણાય છે.

क्षार : જવ, અંઘેડો, વાસા વગેરે વનસ્પતિઓમાંથી ક્ષાર કાઢવામાં આવે છે તેની રીત એવી છે કે પ્રથમ કોઇપણ વનસ્પતિ લાવી તેને કાતરી સુકવી લેવી. સુકાઈ જાય ત્યારે તેને નિર્વાતસ્થાનમાં બાળી રાખ કરી કોલસા જેવી કરી લેવી. પછી તે રાખને પચીસગણા પાણીમાં નાખી ખુબ હલાવવી જ્યારે દવાનો સ્વાદ પાણીમાં આવી જાય ત્યારે મુકી દેવું. અને પછી તેને કપડાથી બરાબર ગાળી લેવું. આ ગાળેલા પાણીને ચુલે મુકી ધીમા તાપે કલઇ કરેલ તપેલામાં બાળવું. જ્યારે તમામ પાણી બળી જતાં તળીઆમાં સફેદ પદાર્થ દેખાય ત્યારે તેને સુકું કરી ઉતારી લઈ એક કાચની સ્ટોપર બાટલીમાં બરાબર બંધ કરી રાખી મુકવું. આ ક્ષાર બનાવવામાં બાળવાનું ખાસ ધ્યાનમાં રાખવામાં આવે તોજ સફેદ રંગનો ક્ષાર બનશે. ક્ષારની દવા બગડતી નથી અને તુરત અસર કરે છે.

लेप : લીલી અથવા સુકી દવાને વાટીને કે તેના ભૂકાને કોઇ દવા કે છાસ, પાણી, ગુલાબજળ, સુરકો વગેરેમાં વાટીને દરદવાળી જગાપર અથવા સોજા, વ્રણ વગેરેપર લેપ કરવામાં આવે છે. લેપ જરા ઘગડવો જોઇએ, અને સુકાયા પછી તરત ઉખેડી નાખવો જોઇએ.

पंचांग : કોઇપણ વનસ્પતિના મૂળ, છાલ, ફળ, ફુલ અને પાન લેવા તેને પંચાંગ કહેવામાં આવે છે.

मंजन : દાંતે ઘસવાની દવાને મંજન કહે છે. તે ઘણેભાગે ચુર્ણ બારીકચુર્ણના રૂપમાં હોય છે.

कपडमाटी : કોઈપણ વાસણ, યંત્ર કે બાટલીને જ્યારે ભઠ્ઠીમાં મુકવાની હોય ત્યારે તેને કપડમાટી કરવામાં આવે છે, કપડાના એક ટુકડાને લીલી નરમ માટીમાં ચોળીને સરખી કરી લગાડી સુકવી લેવું. કેટલીકવાર સાત કપડમાટી આવી રીતે કરવાની હોય છે તે એક પછી એક સુકવીને કરવી જોઇએ.

तोलमाप : પાઠમાં લખ્યા પ્રમાણે દવાઓનું વજન લેવું. કોઇ કોઇ પાઠમાં વજન ન બતાવેલું હોય ત્યાં સમભાગે લેવાનું છે એમ સમજી લેવું.

लीली के सुकी : દવાઓ બનતાં લગી સુકી કે લીલી લખેલી હોય તે પ્રમાણે લેવી. કેટલીક જગાએ ખાસ લીલી લખેલી હોય ત્યાં તેના વજન મુજબ લેવાની છે. સુકી દવાઓ હમેશા સારી અને નવી વાપરવી.

जुनी दवाओ : મધ, વાવડીંગ, પીપર, ગોળ વગેરે એક વર્ષનાં જુનાં લેવાય છે. પણ શક્તિવર્ધક ઉપાયોમાં મધ નવું વાપરવું એજ ઠીક છે. કફ ઘટાડવા માટે મધ જુનુ વપરાય છે.

झेरी दवाओ : સોમલ, મનશીલ. હરતાલ, વચ્છનાગ, ગંધક, ઝેરકુચલા, પારદ, હીંગળો, રસકપુર, ભીલામ, કણ્ેર, આકડો, મોરથુથુ, ટંકણ, નેપાળો, ચણોઠી તથા ધાતુ કે ઉપધાતુ આ તમામ શોધન કરીને વપરાય છે. પાઠમા કયા આ દવાઓની આગળ શુદ્ધ શબ્દ ન લખેલ હોય છતાં શુદ્ધ લઇને વાપરવી.

बनावट : દરેક દવાની સાથે તેની બનાવટ આપેલી છે, છતા કોઈ પાઠમા ન આવેલ હોય તો તેની રીત આ પ્રકરણમા બતાવ્યા પ્રમાણે જોઇ તે પ્રમાણે બનાવી લેવી.

वजन : દવાઓ માટે તોલ માપ જાણવા સારૂ અહિ આ પ્રકરણમા તોલ માપની સમજણ આપી છે તે પ્રમાણેજ દરેક દવાઓનુ તોલ-માપ સમજી લેવુ જોઇએ. જુની પદ્ધતિ કરતા આ નવી પદ્ધતિનુ તોલ-માપ અહિ પસંદ કરવામા આવેલ છે.

ક્વાની નળી વડે એ પદાર્થ અંદર ઉતારવામાં આવે તેને બસ્તી અથવા એનીમા કહે છે. કેટલીકવાર એ માટે પોષક પદાર્થો ખોરાક રૂપે પણ અપાય છે.

स्वेद-पाक : શરીરમાં કે તેના કોઈપણ ભાગમાં પસીનો લાવવા કે દરદ ઓછું કરવા માટે વરાળ આપવામાં આવે તેને બાફ કહે છે. ખાસ કરી તાવમાં પણ તેથી બાફ અપાય છે તેને નાશ કરે છે. એકલી પણ પસીનો લાવવા સ્વેદ અપાય છે.

सेक : ગરમ કરેલ રેતી, ઈંટ, ગરમપાણી તથા બરફનો શેક કે ઠંડો કે ગરમ શેક દરદ-ગરમ ઓછા કરવા માટે અપાય છે. કેટલીકવાર ભૂસાનો, માટીનો, મીઠાનો કે પાણીમાં પલાળેલા કપડાનો પણ શેક આપવામાં આવે છે.

भावना : દવાના ચુર્ણને કે ભસ્મને ખરલમાં કે બીજા વાસણમાં નાખી તેમાં દવાનો રસ કે કવાથ નાખી રાબડી જેવું કરી લેવું તેને ભાવના કે પુટ આપ્યો કહેવાય છે.

भस्म : ધાતુ કે ઉપધાતુને શુદ્ધ કરી તેને દવાના રસમાં ઘુંટી સુકવી ગજપુટનો અગ્નિ આપવો, અને જે તૈયાર થાય તે દવાને ભસ્મ કહેછે.

गजपुट : એક ગજ (૨૪ ઈંચ) લાંબો અને એક ગજ પહોળો એવો ચોરસ અથવા એટલાજ પ્રમાણનો ગોળ અને એક ગજ ઉંડો ખાડો કરી તેની અંદર છાણા ભરી વચ્ચે દવાનું સંપુટ રાખી ઉપર છાણા ભરી અગ્નિ આપી દેવો. આ ક્રિયાને ગજપુટ કહેવામા આવે છે, અને તે ભસ્મો બનાવવા માટેનો ખાડો-સગડી કહેવાય છે.

सरावसंपुट : માટીના બે વાટકા કે તવા લાવી તેની વચ્ચે દવાની ટીકડી કે છુટક દવા રાખી તારથી બંધ કરી બાંધી દેવા બાદ કપડું અને માટી સાથે મેળવી તેનો લેપ એ સંપુટપર કરી સુકવી સગડીમાં આંચ માટે તૈયાર કરવો તેનું નામ સરાવસંપુટ છે.

स्वच्छता : દવા બનાવવાના ઓજારો હમેશા સાફ રાખવા, અને કોઈપણ દવા બની જાય કે તરતજ તેને સાફ કરી રાખવા જોઇએ અને બનાવતી વખતે ફરી સાફ કરી લેવા.

झेरी दवा : ઝેરી દવાઓને હંમેશાં સુરક્ષીત સ્થળે કબાટમાં રાખી તેને તાળું લગાડવું. કેમકે તે બાબતમાં બેદરકાર રહેવાથી કયારેક પરિણામ ખરાબ આવે તે આપણને સહન કરવું પડે છે.

रुप-रंग : કોઇપણ દવા તૈયાર થાય ત્યારે તેનો રૂપ, રંગ, સ્વાદ, વજન, વાસ ઈત્યાદિ બરાબર જોઇ પરિક્ષા કરી લેવી. જો તેમાં ભૂલ જેવું હોય તો તેનુ કારણ તપાસી સુધારી લેવું, ને તેની નોંધ કરી લેવી કે જેથી આગળપર સુધારી લેવાય. હમેશા એકજ ધોરણની દવાઓ ગ્રાહકોને અપાય તો ગ્રાહકોના મનમા વહેમ આવતો નથી.

चोखांद्रव्यो : સાજીખારને બદલે સોડાબાયકાર્બ, નવસારને બદલે એમોનીઆકલોરાઈડ, સુરાખારને બદલે પોટાશનાઇટ્રેટ, આવી દવાઓ અગ્રેજી કેમીસ્ટોને ત્યાં સ્વચ્છ મળે છે. તે વાપરવાથી દવાની અસર સારી થાય છે, દવા સ્વચ્છ બને છે.

मारण : જે જે ધાતુઓની ભસ્મ બને છે તેનો ખુલાસો ભસ્મની બનાવટ સાથેજ આપેલો છે. આ માટે વધુ વિગત અમારા તરફથી પ્રગટ થએલા રસાયનસાર સંગ્રહમાં આપેલી છે.

सावधानी : દવાનુ કામ સભાનભરી રીતે કરવાનું છે. જ્યાં કાંઈપણ ન સમજાય ત્યા તે વાત ફરીથી વિચારી પોતા કરતા વધુ હુશિઆર હોય તેની સલાહ લેવી તો ભૂલ થતી અટકે છે.

मात्रा : દવાનુ પ્રમાણ પણે ભાગે દરેક પ્રયોગ સાથે લખાય છે, છતાપણ કયા ન લખાયું હોય કે વધુ ઓછુ જણાય તો તેમા બરાબર વિચાર કરી દેશ, કાળ. વય, રોગ, બળ વગેરેનો વિચાર કરી માત્રા ઓછી વધુ કરી શકાય છે, પણ ઝેરી દવાઓ જે ધાતુના હોય તેની પુરી સભાળ રાખીને વાપરવી.

मुद्दत : દવા બનાવવાની પણ સામાન્ય મુદત હોય છે. એ મુદત પછી દવાના ગુણ-ધર્મ ઓછા થાય છે. ચૂર્ણ ચાર માસ, ગોળી એક વર્ષ, ગુગળવાળી બનાવટ બે વર્ષ, કાઢાના ભૂકા બે માસ, તેલ એક વર્ષ, અવલેહ એક વર્ષ પછી ગુણહીન બને છે. ક્ષાર અને સાકરના ગુણો ઘણો વખત ટકી શકે છે, પણ રસ, ભસ્મ, રસાયન, પર્પટી, કૂપીપક્વ રસાયન તથા આસવારિષ્ટ બગડતા નથી એનો જેમ જુનાં તેમ વધુ સારા ગુણવાળા બને છે માટે મોટા પ્રમાણમાં બનાવી વધુ સંગ્રહ કરવો. બધી દવાઓ સારી બાટલીમાં પેક કરી રાખવી, ખુલ્લી રાખવાથી ગુણમાં કમી થાય છે.

दवानी संभाळ : દવા બનાવ્યાપછી તેને સાફ કરી સંભાળીને રાખવી. દવામાં ભીનાશ રહેવાથી દવા બગડે છે માટે બરાબર સુકવીને રાખવી જોઇએ.

वनस्पति : વનસ્પતિને ખુલાસાવાળી જગામાં રાખવાથી તે બગડતી નથી. આ પ્રમાણે રાખવાની વનસ્પતિ થોડા વખત પછી ખુલ્લી જગામા તડકામા સુકવી સાફ કરી વાર વાર તેને તપાવી લેવી તો બગડશે નહિં.

औषधपात्र : કવાથ બનાવવા માટે વાસણ માટીનું કે કલઈ કરેલ પીતળનું લેવું. તેલ બનાવવા માટે પણ તેવુંજ કલઈ કરેલ કે લોઢાનું પાત્ર લેવું. આસવ માટે રાખવાનું વાસણ ચીની-માટીની બરણી કે લાકડાનું પીપ રાખવું વધુ ઉપયોગી છે. ભસ્મ બનાવવા માટે સારા પત્થરની ખરલ લેવી તે ન મળે તો લોહખરલ વાપરવી ઉત્તમ છે.

दवानी बनावट : કોઈપણ દવા પોતાની સમક્ષ બનાવવી, અને તેની સભાળ રાખવી કે તેમાં બહારનો કચરો ન પડે. દવા બનાવતી વખતે તેમા દરેક ચીજ સભાળપૂર્વક નાખી મેળવવી. જે દવામાં લીંબુ કે ખાટા પદાર્થો વપરાય તેની બનાવટમાં વાસણ કલઇ કરેલા કે ચીનીના વાપરવાં.

संभाळ : દવા તૈયાર કર્યા પછી તેની બાટલીપર લેબલ વગેરે બરાબર લગાડવા, તેની બનાવટની પુરી નોંધ રાખવી, લેબલપર દવાનું નામ, નબર, પાક, માત્રા, અનુપાન વગેરે લખી રાખવું કે જેથી કદી ભૂલ થવા ન પામે.

દવાઓનું તોલ અને માપ.

૧ ગ્રેન	આશરે	૧ ઘઉંભાર
૨ ગ્રેન	,,	૧ રતિભાર
૩ રતિ	,,	૧ વાલ
૮ રતિ	,,	૧ માસો
૧૨ રતિ	,,	०)= બે આનીભાર (૪ વાલ)
૨૪ રતિ	,,	०। તોલો (૪૫ ગ્રેન)
૪૮ રતિ	,,	०॥ તોલો (૯૦ ગ્રેન)
૯૬ રતિ	,,	૧ તોલો (૧૮૦ ગ્રેન)
૧ ઔંસ	,,	૨॥ તોલા આશરે
૧૬ ઔંસ	,,	૧ રતલ (૩૯ તોલા આશરે)
૮૦ તોલા	,,	૧ શેર (પાકો)
૪૦ શેર	,,	૧ મણ (બંગાલી)
૧ મીનીમ	,,	૧ ટીપું
૬૦ ટીપાં	,,	૧ ડ્રામ
૪ ડ્રામ	,,	०॥ ઔંસ (૧। તોલો)
૮ ડ્રામ	,,	૧ ઔંસ (૨॥ તોલા)
૧૬ ઔંસ	,,	૧ પૌંડ (રતલ)

ચણોઠી એટલે રતી, ગ્રેન એટલે ઘઉંભાર, તોલો એટલે રૂપીયાભાર, અમારા તરફથી પ્રગટ થતા વૈદ્યક સાહિત્યમાં ઘણે ભાગે આ પ્રમાણેજ તોલ તથા માપનો હિસાબ રાખેલો છે. સામાન્ય રીતે આજના તોલ-માપનો આટલો ખુલાસો કોઈપણ સમજી શકે તે પ્રમાણે આપેલ છે.

અનુપાન : દરેક દવા સાથે તેનું અનુપાન જણાવેલ હોય છે, છતાં કયાં તે ન જણાવ્યું હોય ત્યાં પાણી સામાન્ય અનુપાન છે, તે સિવાય રોગાનુસાર ફેરફાર કરનાર બીજાં હોય તે પણ વાપરી શકાય.

યંત્રોની સમજણ : દવાના કામમાં અનેક જાતનાં યંત્રો વપરાય છે તેમાં પણ ચાલુ વપરાશનાં યંત્રો જેવાં કે:-ડમરૂયંત્ર. બે હાલ્યાં સાથે જોડી નીચેનાં હાંડલામાં દવા ભરી ઉપરનાં હાંડલા સાથે બીજું કપડું અને નીચેના હાંડલા નીચે તાપ કરી દવા તૈયાર કરાવી, આ યંત્રમાં ફુલ ઉડાવવા કે હીંગળામાંથી પારદ કાઢવાનું કામ મુખ્ય થાય છે. ડોલાયંત્ર આ યંત્રમાં કેટલીક દવાઓને બાફ આપવામાં આવે છે. એક માટીનું મોટું હાંડલું લઈ તેમાં દવાનો રસ, કવાથ વગેરે પ્રવાહી ભરી તેમાં દવાની પોટલી લટકતી રહે તેવી રીતે દોરાથી બાંધીને દોરાનો છેડો હાંડલીના મોઢા કાંઠાપર એક લાકડી રાખી બાંધી લેવો, અને ચુલાપર મુકી તાપ દેવો, અંદરનું પ્રવાહી કમતી થાય તો બીજું નાખતા જવું આને દોલાયંત્ર કહે છે. તેમાં કેટલીક દવાઓને શુદ્ધ કરવા માટે બાફ અપાય છે.

નોંધ : ધાતુ, રસ, રસાયન તથા તેના શોધન, મારણ અને ઉપયોગની બાબતો સાથે યંત્રોની સમજણ વધારે મેળવવાની ઇચ્છા હોય તો અમારૂં બીજું પુસ્તક **રસાયનસાર સંગ્રહ** મંગાવી જોઇ લેવા વિનંતિ છે.

લેખક.

ધાતુ, ઉપધાતુ તથા વિષ, ઉપવિષનું શોધન.

ખુલાસો : કેટલીક દવાઓ તેમાંના દોષ દૂર કરવા માટે તથા કેટલીક તેના ગુણમાં વૃદ્ધિ કરવા માટે શુદ્ધ કરવામાં આવે છે. અશુદ્ધ ચીજો હાની કરે છે માટે બરાબર શુદ્ધ કરીનેજ વાપરવી જોઇએ.

ધાતુ : આયુર્વેદના રસવૈદ્યક વિભાગમાં સોનું, રૂપું, તાંબુ, લોહ, જસત, નાગ, બંગ, કાંસું, પીતળ, મંડુર, વગેરેને ધાતુઓ કહેવામાં આવે છે. એ ધાતુઓની ભસ્મ બનાવી વપરાય છે. ભસ્મ કરવા પહેલાં તેને શુદ્ધ કરવી પડે છે. શુદ્ધ કરેલ ધાતુ ભસ્મ બનાવવા માટે વાપરી શકાય છે. પ્રથમ ચોખી ધાતુ લાવી તેનો ભૂકો, પતરાં કે રસ બનાવી પછી તેલ, છાસ, ગૌમૂત્ર, કાંજી (સુરકો ચાલે) કુલથીનોક્વાથ આ પાંચ ચીજોમાં ધાતુને તપાવી કે રસ કરી ઠારવામાં આવે છે. દરેક પદાર્થમાં પાંચ કે સાત વખત કરવાનું હોય છે. તેમ કરવાથી ધાતુ શુદ્ધ થાય છે. તામ્ર જેવી સખ્ત ધાતુને એથી વધુ લીંબુનારસમાં થોડાક વખત શોધવાથી પૂર્ણ નિર્દોષ બને છે.

પારદ : બજારમાં મળતો પારદ દવાના કામમાં વપરાતો નથી, કેમકે તેમાં નાગ, બંગ, વગેરે મળદોષ હોય છે. આ દોષ સાફ કરવા માટે પારદનું સામાન્ય શોધન અથવા તેના આઠ સંસ્કાર કરવા પડે છે. જેઓ તે ન કરી શકે એમ હોય તેમના માટે દેશી વૈદકમાં શુદ્ધ પારદ મેળવવા માટે એક સરલ માર્ગ બતાવેલ છે અને તે એ કે હિંગળોકમાંથી પારદ કાઢી કપડે ગાળી તે દવામાં વાપરવો તે હિંગુલોત્થ પારદ ગુણમાં સરસ અને શુદ્ધ થાય છે. બધા વૈદો આ પ્રમાણે વાપરે છે. માટે જ્યાં શુદ્ધ પારદ વાપરવાનો હોય ત્યાં આ પ્રમાણે કાઢેલો પારદ લેવો. બજારમાં મળતો સારો હીંગળો લાવી તેને ખરલમાં બારીક વાટી લીંબુનારસમાં ઘુંટી સુકવી લેવું. આ

ઉમર પ્રમાણે દવાની માત્રા કેટલી અપાય તેના સમજણનું પત્ર.

૧૭ થી ૬૦ વર્ષ.	૧૦ થી ૧૬ વર્ષ.	૫ થી ૯ વર્ષ.	૨ થી ૪ વર્ષ.	૧ માસથી ૧ વર્ષ.
૩ રતિ	૧॥ રતિ	૦॥ રતિ	૦॥ રતિ	૦। રતિ
૬ રતિ	૩ રતિ	૧॥ રતિ	૧ રતિ	૦॥ રતિ
૦। તોલો	૦)= એઆનીભાર	૦)- એકઆનીભાર	૪ રતિ	૨ રતિ
૧ તોલો	૦॥ તોલો	૦। તોલો	૦)= એઆનીભાર	૨ વાલ
૨॥ તોલા	૧। તોલો	૦॥ તોલો	૦। તોલો	૪ વાલ
૫ તોલા	૨॥ તોલા	૧। તોલો	૦॥ તોલો	૦। તોલો

ઉપર મુજબ ખાસ માત્રા કે પ્રમાણુ એક વખત દરદીને અપાય તે દ્રષ્ટિએ આ કોઠો ગોઠવેલ છે. દાખલા તરીકે ક્વાથ ૫ તોલા મોટા માણુસને દેવાનું હોય તો તે ૧ વર્ષના બાળકને ૦। તોલો અપાય, તેવીજ રીતે એક મોટા માણુસને ત્રણુ રતિ અભ્રકભસ્મ આપવી હોય તો ૪ વર્ષની ઉમર સુધીના બાળકને ૦॥ રતિ લગી આપી શકાય, આ સામાન્ય માપ છે, પણ ઝેરી દવાઓ વાપરતી વખતે આ હિસાબ ન કરતાં બહુજ સંભાળ રાખવી. તે સિવાય રોગનું જોર, સમય, પ્રકૃતિ રોગીનું બળ વિગેરેનો વિચાર કરી દવાની ગોઠવણુ કરવી.

લાવી તેનો ભૂકો કરી જેતે એક શેર હોય તો લોઢાનીકડાઇમાં ઘી શેર ૦॥ લઈ ગરમ કરી તેમાં થોડે થોડે ગંધકનો ભૂકો નાખી દેવો. તાપ અત્યંત મંદ રાખવો. થોડીવારમાં ગંધક રસ રૂપે થઇ જાય ત્યારે એક તપેલામાં દૂધ શેર ૪ રાખી તેનાપર કપડું બાંધેલું હોય તેમાં ઢાળી દેવું. બધો રસ તેમાં નાખી આપ્યા બાદ કપડું ખોલી દૂધમાં પડેલો ગંધક લઈ લેવો તેને ગરમપાણીથી બરાબર ધોઇ લેવો. પછી વાટી સુકવી દવાના કામમાં વાપરવો. **બીજી રીત:** ગંધકનો ભૂકો કરી લેવો, એક તપેલાપર કપડું બાંધી તે તપેલામાં દૂધ રાખવું, અને કપડાપર ગંધકનો ભૂકો પાથરી દેવો. તપેલાની કીનારીપર માટીની કીનારી કરી દેવી ને તેના પર લોઢાનાતવામાં છાણાનો અગ્નિ રાખી તેને પંખાવડે ગરમ કરવો. જરાવારમાં ગંધક પીગળી ટીપાં ટીપાં થઇને નીચેનાં દૂધમાં પડશે એ ધોઈ વાટી દવામાં વાપરવો.

हिंगळो : બજારમાં મળતો રૂમીહીંગળો લાવી તેને ખરલમાં બારીક વાટી લીંબુનારસમાં સાત દહાડા ઘુંટી સુકવી કપડછાણ કરી રાખવું. આવી રીતે તૈયાર થએલ શુદ્ધ હિંગળો દવાના કામમાં વાપરવો.

मनशील : સારો રતાશદાર રંગનો મૃદુ મનશીલ લાવી તેને બારીક વાટી આદુનારસમાં સાત દહાડા ઘુંટવો અથવા ચૌદ દહાડા ઘુંટવો (ભાવના દેવી) સુકાયા પછી બારીક કપડે છાણી રાખવો અને દવાના કામમાં વાપરવો.

हरताळ : ઉત્તમ સોનાના પત્રા જેવી વરખી હરતાલ લાવી તેના નાના ટુકડા કરી એક પોટલીમાં બાંધી સફેદ કહોળાના રસમાં ડુબતી રહે તેવી રીતે ડોલાયંત્ર બનાવી તેમાં ટાંગીને ધીમે તાપે બાર કલાક બાફવાથી શુદ્ધ થાય છે, પછી ગરમપાણીથી ધોઇ સુકવી વાટી રાખવી અને દવાના કામમાં વાપરવી.

सोमल : ડોલાયંત્રમાં દૂધ ભરી તેમાં સોમલના નાના ટુકડા

હિંગળાનાભૂકાને એક સારી માટીની હાંડલી હોય જેના તળીઆમાં કપડમાટી કરેલી હોય તેમાં રાખી તેને ચુલાપર અથવા સગડીપર મુકી દેવું, અને નીચે સારો તાપ કરવો. હાંડલીના મોઢાપર ફરતી બહાર બરાબર રહે તેવા માપની મોટી તાવડી (માટીનોતવો) ઢાંકી દેવી. તાવડી બે રાખવી, કેમકે વારાફરતી એક તાવડી તેનાપર રાખવી પડશે. આ માટીના તવાને ઉંધું ઢાંકી તેના ઉપર કપડાનો જાડોકુકડો ઠંડા પાણીમાં પલાળીને રાખતા જવું. પાંચ દશ મીનીટ થાય કે તવો ઉતારી તેની જગાએ બીજો તવો જે તૈયાર હોય તે મુકી દેવો. અને ઉતરેલ તવાને એક થાળીમાં રાખી કાગળ કે કપડાના ટુકડાથી સાફ કરી લેવું. તેમ કરવાથી તવામાં ચોટેલો પારદ છુટો પડી થાળીમાં એકઠો થતો જશે. આ પ્રમાણે ૭ કલાક તાપ આપવાથી ૪૦ તોલા હિંગુળમાંથી ૩૦ તોલા લગભગ પારદ નીકળી આવશે. પારદ કાઢતી વખતે હાંડલી વધુવાર ખુલ્લી ન રહે, તેમ તાપ એક સરખો થતો રહે, હાંડલી અને ચુલાની બાજુમાં બેસીને કામ કરવાનું છે, તો એમાંથી નીકળતો ગંધકનોધુમાડો ગળામાં, શ્વાસમાં ન જાય તેવી રીતે હવા ન હોય ત્યાં બેસવું જોઈએ. આ પ્રમાણે સંભાળ રાખી આ નવીન ડમરૂયંત્ર વડે પારદ કાઢી લેતાં જે પારદ નીકળે તેને જાડા કપડામાંથી બે–ચાર વખત ગાળી લઈ દવાના કામમાં વાપરવું, એ પૂર્ણ શુદ્ધ પારદ ગણાય છે. પર્પટી માટે એ પારદ વાપરવાનો હોય ત્યારે તેને ખરલમાં નાખી તેમાં કુંવારનોરસ, અરણીનોરસ, પીલુડીનોરસ, એરંડપત્રનોરસ, આદુનોરસ, આ પાંચ દ્રવ્યના જુદા જુદા રસમાં ચાર ચાર દહાડા ઘુંટી પાણીથી ધોઈ સ્વચ્છ તથા ઉત્તમ ગુણયુક્ત પારદ એક માસમાં તૈયાર થાય તે તૈયાર કરી વાપરવું જોઈએ. એ સર્વોત્તમ ગુણદાયક બને છે.

ગંધક : દવામાં આમલસારો ગંધક ખાવાના કામમાં વપરાય છે તે જરા લીલાશદાર રંગનો હોય તે વધુ સારો ગણાય છે, તે

લીંબુનારસમાં વાટી એક સાફ નવા માટીના તવાપર લગાડી સુકવી બાદ કામમાં લેવું. નેપાળા ઝેરી છે માટે શોધન બરાબર કરવું અને શોધન વખતે ઘીવાળા હાથ કરી લેવા, હાથ આંખે ન લાગે તેની સંભાળ રાખવી.

धतुरानांबीज : ધતુરાનાં બીજ લાવી તેની ગૌમૂત્રમાં પોટલી બાંધી રાત્રે પલાળી રાખવા, સવારે બીજું ગૌમૂત્ર નાંખી બાફી લેવા, ત્રણ કલાક બાફી પછી ઉતારી પાણીથી ધોઇ સુકવી લેવા અને વાટીને દવાના કામમાં વાપરવું. ઉપરની છાલ બને ત્યાં સુધી હાથે મસળી ધોતી વખતે કાઢી નાખવી.

झेरकूचला : ગૌમૂત્રમાં ઝેરકુચલાને પલાળી રાખવા, દરરોજ ગૌમૂત્ર નવું નાખવું, સાત દહાડા આ પ્રમાણે કરી પાણીથી ધોઇ પછી ચપુવતી ઉપરની છાલ કાઢી નાખવી, અને તેની બે ફાડ કરી વચ્ચેથી જીભ જેવું પડ હોય તે કાઢી નાખવું. બાકી બે પડ ચોખાં કરી ધોઇ કડાઇમાં નાખી જરા ઘી વડે શેકી લેવાં, અને તરતજ ઉતારી ખાંડી ભૂકો કરી લેવો અને દવાના કામમાં વાપરવાં.

अफीण : અફીણને આદુનારસમાં પલાળી ગાળી કસુંબા જેવું કરી ધીમે તાપે જાડો રસ કરી લેવો ને દવામાં વાપરવું.

शिलाजीत : ત્રીફલાના કવાથમાં, ગૌમૂત્રમાં અને દૂધમાં એકેક ભાવના આપી પછી ગાળી લેવું એટલે શુદ્ધ થઇ જાય છે.

टंकण : બજારમાં તેલીઓ ટંકણખાર મળે છે તે લાવી તેનો ભૂકો કરી માટીનાતવામાં ફુલાવી બારીક વાટી દવાના કામમાં વાપરવું.

सुरमो : સુરમાને બારીક વાટી ખરલમાં નાખી લીંબુના-રસમાં ઘુંટી સુકવી લેવું.

हीराकसी : લીંબુનારસમાં બે-ત્રણ દહાડા ઘુંટી સુકવી લેવું ને

કરી તેની પોટલી બાંધી દૂધમાં બાર કલાક ધીમા તાપે બાફ આપવી. તેથી તે શુદ્ધ થાય છે. પછી વાટીને કામમાં લેવું.

રસકપુર : રસકપુરના નાના ટુકડા કરી તેને આકડાના દૂધમાં તથા ગાયનાદૂધમાં પોટલી બાંધી ડોલાયંત્ર વડે બાર કલાક બહુજ ધીમા તાપમાં બાફી લેવાથી તે શુદ્ધ થાય છે, પછી તે દવામાં વાપરી શકાય છે.

વચ્છનાગ : નાના ટુકડા કરી એક કપડાની પોટલીમાં બાંધી ગૌમૂત્ર તાજું લાવી તેમાં બુડતી રહે તેવી રીતે એ પોટલી રાખવી. દરરોજ સવારે ગૌમૂત્ર નાખવું. આ પ્રમાણે ત્રણ દહાડા કરી પછી તેને સુકવી વાટી કામમાં લેવું. વચ્છનાગ કાળો અને સખત હોય તેવો વાપરવો.

ખાપરીયું : ખાપરીયું એટલે જસતના ખાણની કાચી માટી. તે અત્યારે બજારમાં "કેલેમીના પેપરેટા"ના નામથી અંગ્રેજી ગાંધીઓને ત્યાં મળે છે તે લાવી તેને ગૌમૂત્રમાં સાત દહાડા ઘુંટી સુકવી લઇ દવાના કામમાં વાપરવું. આ ખાપરીયું બરાબર કામ આપે છે અને વિદ્વાન વૈદ્યો આ વાપરવાની સલાહ આપે છે.

ભાંગ : ભાંગના પાન લાવી તેને પાણીમાં બાફી લઇ સુકાવી લેવું. પછી તેને કડાઇમાં શેકી લેવી અથવા પાણીથી ખૂબ ધોઈ સુકવી પછી દવાના કામમાં વાપરવી જોઇએ.

નેપાળો : નેપાળો લાવી ઉપરની છાલ કાઢી અંદરના બીજના બે ભાગ ખોલી તેની વચ્ચેની જીભ કાઢી શુદ્ધ કરી પછી દવામાં વાપરવું. પ્રથમ નેપાળાનાંબીજની ઉપરની છાલ કાઢી તે બીજને એક ઝીણાં કપડામાં બાંધી ભેંસનાં છાણમાં બે દહાડા દાટી રાખી પછી તેને કાઢી ધોઇ ચપ્પુ વડે તેની ફાડો છુટી કરવી અને વચ્ચેથી જે બારીક પતરી-પડ નીકળે તે કાઢી ફેંકી દેવું. બાદ તેને ખરલમાં

આરોગ્યસિન્ધુ કાર્યાલય તરફથી પ્રગટ થએલા

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર કૃત અને બીજાં

લોકપ્રિય વૈદ્યક પુસ્તકો

वैद्यकचिकित्सासार (पूर्वार्ध)

સરળ ગુજરાતિ ભાષામાં દેશી વૈદ્યકની ચાલુ વપરાતી પ્રસિદ્ધ અને અનુભવસિદ્ધ ૫૦૧ દવાઓની બનાવટ, વાપરવાની રીત, અનુપાન, પ્રમાણ, પથ્યાપથ્ય, ઉપયોગી સૂચના, દવા બનાવવાની વિધી વગેરે બાબતો, શોધન, મારણ, તોલન્માપ, માત્રાની સમજણ તથા જરૂરીઆપયોગી તમામ બાબતોની પૂર્ણ માહિતી સાથે નવીન શૈલીમાં લખાયલો ઉત્તમ ગ્રન્થ. એક એક પ્રયોગ સફળતાથી કામ આપે અને હજારોનો લાભ સાધારણ માણસ પણ સહેલાઇથી મેળવી શકે તેવો આ ગ્રન્થ છે. ઉત્તમ છપાઇ, સુંદર કાગળ, પાકું બાઇન્ડીંગ, પુષ્કળ સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ, મૂલ્ય રૂા. ત્રણ પોસ્ટેજ આના સાત.

वैद्यकचिकित्सासार (उतरार्ध)

જેવી રીતે વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ આપને ગમી ગયું છે તેવુંજ આ ઉતરાર્ધ તૈયાર કરેલ છે. તેમાં ૫૦૧ ઉત્તમ બનાવટો આપેલી છે. જે પૂર્વાર્ધમાં આપવાનું રહી ગયું હતું તે સર્વ આ ઉત્તરાર્ધમાં છે આ બે ખંડ તમારી પાસે હોય તો પછી તમારે કોઇપણ દવાની બનાવટ કોઇપણ રોગને માટે શોધવાને બીજા કોઇ ગ્રન્થની મદદ લેવાની જરૂર રહે તેમ નથી એટલુંજ નહિં પણ આ બનાવટો સચોટ તથા અનુભવી છે અને તે અનુભવી વૈદરાજેનો ખાનગી ખજાનો છે.

शंख-कोडी-छीप-प्रवाल : આમાંથી કોઇપણ ચીજની શુદ્ધિ કરવી હોય તો પ્રથમ નાનાં ટુકડા કરી ગરમપાણીથી ધોઇ પછી તેની પોટલી બાંધી એક ડોલાયંત્રમાં ગૌમૂત્ર શેર ૧, સિંધાલુણ તો. ૫, લીંબુનોરસ તો. ૫ નાખી તેમાં બાફી લઈ બાદ ગરમપાણીથી ધોઇ કામમાં લેવું યાને ભસ્મ કરવી.

अभ्रक : સારો કાળારંગનો અભ્રક લાવી તેને લોઢાના વાટકામાં રાખી ધમણ વડે અગ્નિમાં તપાવવો. લાલ થાય ત્યારે ગૌમૂત્રમાં ઠારવો આ પ્રમાણે સાત વખત કરી પછી ખાટી છાશમાં પલાળી હાથે ચોળી ગરમ પાણીથી ધોઇ સુકવી લેવું તો ધાન્યાભ્રક થઈજશે.

हींग : હીંગને ઘીમાં શેકી લઇ દવામાં વાપરવી, લોઢાની કડાઇમાં થોડુંક ઘી નાખી ધીમે તાપે શેકવી, પછી-વાટી લેવી.

गुगळ : ત્રીફલાનાકવાથમાં ગુગળ નાખી ધીમે તાપે રસ જેવું થાય ત્યારે ઉતારી કપડે ગાળી પછી સુકવી લેવો કે ધીમા તાપથી ઘન જેવું કરી લેવું અને પછી દવામાં વાપરવું.

मोरथुथो : ખરલમાં વાટી લીંબુનારસમાં ચૌદ દહાડા ઘુંટી પછી તેમાં સમભાગે કણુતરનીહગાર નાખી ઘુંટી સંપુટમાં ભરી ગજપુટ દેવો. પછી દહીંમાં ઘુંટી નાનો ગજપુટ દેવો પછી વાટી કામમાં લેવું.

मंडुर : લોઢાના જુના કાટાડાને મંડુર કહે છે તે લાવી તેને તપાવી તપાવી ગૌમૂત્રમાં ઠારવું એટલે ભૂકો થઇ જશે એ ભૂકાને ગૌમૂત્ર સાથે ખરલમાં ઘુંટી ગજપુટ આપવો, એવા સાતથી એકવીશ સુધી ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ બની જશે તે દવામાં વાપરવી.

વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ સમાપ્ત.

આર્ય રસાયનશાસ્ત્રનો આ ગ્રન્થ તમારે જરૂર ખરીદ કરવો એમ અમારી સલાહ છે. મૂલ્ય રૂા. બે, રફ કાગળ કાચું પુઠું રૂા. ૧॥.

भाजीपालो अने मरीमशालो

આ પુસ્તકનું મૂળ લખાણ કરાચીના પ્રસિદ્ધ પત્ર હિતેચ્છુમાં એક લેખમાળારૂપે પ્રગટ કરવામાં આવેલ હતું, તેમાં ખુબ સુધારો વધારો કરી એક ઉપયોગી પુસ્તકની ગરજ સારે તેવી રીતે તેના જુદા જુદા વિભાગ કરી તૈયાર કરેલ છે. ખાનપાનના તમામ ઉપયોગી પદાર્થો જેવાં કે મરીમશાલો, શાકભાજી, દૂધદહીં, અનાજ, લીલાં સુકાં ફળો વગેરે બધા વિભાગ છે. બાળકોને કે સ્ત્રીઓને અભ્યાસ કરાવવા લાયક આ પુસ્તક બનાવેલ છે અને તેમાં આરોગ્ય અને વૈદ્યકની દ્રષ્ટિએ બધી બાબતો સરળરીતે સમજાવેલ છે. આ પુસ્તક ૧૯૩૬ના વર્ષના આરોગ્યસિન્ધુના ગ્રાહકોને ભેટ તરીકે અપાયેલ છે. પૃષ્ટ સંખ્યા ૧૫૨ની છે છતાં મૂલ્ય રૂા. ૧ પોસ્ટેજ ૦/- વધુ.

स्त्रीरोगचिकित्सा

આ પુસ્તકમાં સ્ત્રીઓનાં ખાસ દરદો અને તેના ચોકસ ઉપાયો બતાવેલા છે. જે દરદો ઓપરેશનથી મટે એવા હોય તેને બાદ કરતાં બાકીનાં તમામ દરદોનું આમાં વર્ણન કરી તેના અનુભવી ઉપાયો અને બીજી પથ્યાપથ્યની માહિતી આપેલી છે. દરેક સ્ત્રીને વાંચવા માટે ઉપયોગી થાય તેમજ નવા વૈદ્યોને ચિકિત્સામાં મદદગાર બને તેવું આ પુસ્તક છે. આજેજ મંગાવી લ્યો. પૃષ્ટ સંખ્યા ૧૦૪ છતાં મૂલ્ય આના બાર. પોસ્ટેજ ૦/- વધુ.

बालचिकित्सा

બાળકો માટે ૨૫ વર્ષ થયાં વૈદકના ધંધામાં અને ખાસ કરી બાળવૈદના અભ્યાસમાં જે જે અનુભવ મળ્યો તે સર્વ આ

આ ઉત્તરાર્ધમાં એવા સેંકડો પ્રયોગો છે જે એક એક પ્રયોગનું મૂલ્ય હજારો રૂપીઆ આપવા છતાં ન મળે તે સર્વ આ એકજ ગ્રન્થથી તમોને મળી રહેશે. પૃષ્ટ સંખ્યા ૩૦૦ની છે પાકું પુઠું, સુંદર છપાઇ ઉંચા એન્ટીક કાગળ છતાં મૂલ્ય રૂ. ૩ પોસ્ટેજ જુદુ વધુ.

वैद्यकचिकित्सापद्धति

આ ગ્રન્થમાં શરીર અને ધાતુની સમજણ, દોષોનું વિજ્ઞાન, મૂત્રપરિક્ષા, નાડીપરિક્ષા, રોગવિજ્ઞાન, વનસ્પતિ અને ખનીજ વિજ્ઞાન તેમજ અનુભવી પ્રીસ્ક્રીપશનો, નિદાન, પથ્ય, ચિકિત્સા અને રોગ પરિચયની વ્યાખ્યાનું સવીસ્તર વર્ણન લગભગ ચાલુ દરેક રોગ માટે આપી છેવટમાં વિષચિકિત્સાનું પ્રકરણ આપી ગ્રન્થને સર્વોપયોગી બનાવવામાં જરાપણ કચાશ રાખવામાં આવી નથી. ઉત્તમ કાગળ, સુંદર છપાઇ, પાકું બાઇન્ડીંગ એ સર્વ છતાં મૂલ્ય ફક્ત રૂપીઆ બે, કાચું પુઠું રૂ. ૧॥, પોસ્ટેજ આના પાંચ વધુ. આ ગ્રન્થ દરેક ઘરમાં હોવો જોઈએ કે જેથી એક સારા વૈદ્યની સલાહ ઘેર બેઠે તે આપી શકશે

रसायनसारसंग्रह

આ નામનો અતિ ઉપયોગી ગ્રન્થ સરળ ગુજરાતિ ભાષામાં અમોએ તૈયાર કરેલ છે જેમાં પ્રત્યેક ધાતુ, રસ, ખનીજનો પરિચય શોધન, ભસ્મ કરવાની વિધી, માત્રા, અનુપાન, રોગાનુસાર એના ગુણદોષનું વર્ણન તથા અનેક ઉપયોગી ચાલુ રસોની બનાવટ આ પુસ્તકમાં આપી ગ્રન્થને સર્વોપયોગી બનાવેલ છે. એકેક બનાવટ ખાત્રીવાળી અને અનુભવમાં સત્ય જણાઈ તેજ એમાં દાખલ કરી છે. લગભગ પંદર વર્ષમાં હજારો રૂપીયા ખર્ચીને અનુભવ મળ્યો તે તથા ગુરૂ પાસેથી મળેલી સિદ્ધ હસ્ત બાજનો આ ગ્રન્થમાં આપેલી હોવાથી થોડાજ ખર્ચમાં ઉત્તમ માલ બનાવી પુરો લાભ મેળવવો હોય તો

रसायनयोगमाळा

આયુર્વેદમાં રસ-રસાયનની અનેક બનાવટો વપરાય છે. તેમાં પણ ખાસ કરી મુખ્ય ભાગે હમેશાં વપરાતી ચાલુ બનાવટોનું આ પુસ્તકમાં સંગ્રહ આપેલ છે જેનાં પાઠ તથા વિધી અનુભવમાં સારા જણાયેલ છે તેની બનાવટો આ પુસ્તકમાં લગભગ પોણાત્રણસો આપેલી છે. એટલે કે અનેક ગ્રન્થો જોવા તપાસવા કે રાખવાની જરૂર રહેતી નથી, કોઇપણ ચાલુ રસાયન દવાની બનાવટ જોવા માટે આ એકજ પુસ્તક બસ છે. કિંમત ફક્ત આના બાર.

मकरध्वजरहस्य

ચંદ્રોદય-મકરધ્વજના નામથી બજારમાં ચાલતી લુંટ, તેને બનાવવાની વિધી, અનુપાન, રોગવાર વાપરવાની રીત, બનાવતાં થતું ખર્ચ અને વેચવા માટેનો યોગ્ય ભાવ એ સર્વ આ નિબંધમાં આપેલ છે. કોઇપણ માણસ સમજી બનાવી વાપરી શકે તેવી આ નિબંધમાં ભરપુર માહિતી આપેલ છે. બીજી આવૃતિ બહાર પડી ચૂકી છે જેમાં ઘણોજ સુધારો કરેલ છે, છતાં મૂલ્ય આના બે.

आसवारिष्टविज्ञान

આસવ બનાવવામાં પણ ખુબ કળા રહેલી છે અને તે જો બરાબર ન આવડે તો આસવ ખાટો થઇ જાય છે, બાટલીમાંથી બુચ ઉડી જાય, બાટલીને તોડી નાંખે અને પુરો ફાયદો પણ ન આપે. આ સર્વનો વિચાર કરી અમોએ અમારો જાતિ અનુભવ જે લગભગ ૨૫ વર્ષનો હજારો રૂપીઆ અને લાખો બાટલી આસવ બનાવ્યા પછી ખરો અનુભવ મળ્યો તે આમાં બતાવેલ છે. કોઇપણ માણસ તેની સહાયતાથી સહેલાઇથી તે આસવ બનાવી શકે છે, બીજી આવૃતિ છપાઇ જવા આવી છે. સત્વર મંગાવો. મૂલ્ય આના બે.

પુસ્તકમાં આપવામાં આવેલ છે. બાળકની ઉત્પત્તિથી તેની સારવા
થતા રોગોનું વર્ણન, તેના ઉપાયો અને બાળવૈદ્યના દવાખાનામાં રાખ
લાયક બધી દવાઓની બનાવટ એ સર્વ આ એકજ પુસ્તકમાં ભર
આપેલી છે. ગુજરાતી ભાષામાં આવું એકપણ પુસ્તક હજી સુધી પ્ર
થયું નથી. દરેક વૈદ્યને તેના ધંધામાં સફળતા આપનાર તથા ગૃહસ્થે
વારંવાર મદદગાર બનનાર આ અમૂલ્ય પુસ્તક છે. પૃષ્ટ સંખ્યા ૧૧
છતાં મૂલ્ય રૂ. એક પોસ્ટેજ ૦/- વધુ.

अनूभूतप्रयोगावली

આ પુસ્તકમાં એટલા બધા ઉપયોગી અને અનુભવી પ્રયો
આપેલા છે કે તે જોતાં તમો ખુશીખુશી થઇ જશો, એક એક પ્રયો
હજારો રૂપીઆ ખર્ચવા છતાં ન મળે તેવા છે. એ શિવાય તેમાં કેટલ
સાદા અને સરળ ટુચકાઓ પણ આપેલા છે. એકંદરે શહેરમાં
ગામડામાં તેમજ વૈદ્ય પાસે કે ગૃહસ્થ પાસે એક સરખું ઉપયો
સાધન છે. જરૂર મંગાવી લ્યો. હવે થોડીજ નકલો બાકી છે. કિંમ
બે ભાગ સાથે રૂ. એક, છુટક દરેક ભાગના આઠ આના.

आयुर्वेदिकप्रीस्क्रीपशन

અમારે ત્યાં તેમજ અન્ય વૈદ્યોને ત્યાં વપરાતી પ્રચલિ
આયુર્વેદિક દવાઓની જુદી જુદી બનાવટો યોગ્ય માત્રામાં થોડી થો
લઇ મેળવી દરદીને આપવાથી સત્વર લાભ થાય તેવી જાતનાં આ
પ્રયોગ કે પ્રીસ્ક્રીપશન આપેલા છે. આ પુસ્તક તો વૈદ્ય, ડૉક્ટર
સામાન્ય ગૃહસ્થોને પણ ઘણુંજ ઉપયોગી થાય તેમ છે તેના બે ભા
છે. દરેક ભાગમાં બસો બસો પ્રીસ્ક્રીપશન આપેલા છે. દરેકનું મૂ
આના આઠ, બંને ભાગનો રૂ. ૧.

બનાવટ આપેલી છે. બધી દવાઓ પેટંટ બનાવવા જેવી છે અને તે બજારમાં રોજ હજારોની વેચાય છે તેવી છે ફક્ત બે ચાર રૂપીઆની મુડીથી રોજી પેદા કરી શકાય તેવો ઉપાય આ પુસ્તકના અભ્યાસથી આપને મળે છે તથા ધંધાદારીઓ માટે તો બધી બનાવટો ઉપયોગ લેવા યોગ્ય છે. બીજી આવૃતિ પણ ખપી જવા આવી છે. મૂલ્ય બે આના.

योगशतक

'પ્રાચિન સંસ્કૃત પુસ્તકનું વૈદ્ય શશીકાન્ત પંડયા કૃત સરળ ગુજરાતી અનુવાદ; આ નાનાં પુસ્તકમાં ઘણાંજ ઉમદા અને અનુભવી ઉપાયો આપેલા છે, એટલુંજ નહિં પણ તે સરળ હોવાથી સર્વને માટે લાભ આપનાર છે. લગભગ ચાલુ તમામ બીમારીના ઉપાયો આવી જાય છે. કિંમત બે આના છે.

लेबलबुक

દેશી વૈદ્યોને ત્યાં વપરાતી આયુર્વેદિક દવાઓ માટે આ લેબલબુક તૈયાર કરાવી છે. તેમાં ૭૪૪ લેબલ આપેલ છે બધી દવાઓનાં નામ આ બુકમાં આવી જાય છે તે શિવાય હાથે લખી શકાય તેવા ખાલી લેબલ પણ એમાં રાખેલા છે. લેબલ સુંદર પીળા કાગળપર બ્લોકમાં છાપેલા છે અને અક્ષરો દેવનાગરી હીંદી મોટા ટાઇપમાં લેવામાં આવ્યાથી લેબલ ઘણાજ સુંદર બનેલા છે. આ લેબલ દરેક વૈદ્યના દવાખાનાઓમાં રહેતી દવાઓની બાટલીપર લગાડવાની ખાસ જરૂર છે. બીજી આવૃતિ પણ ખપી જવા આવી છે. સત્વર મંગાવી લ્યો એક બુકની કિંમત રૂા. ૧॥ છે પોસ્ટેજ ૦।= વધુ

वैद्यकपरिभाषा

કોઇપણ માણસ વૈદક શીખવાની ઇચ્છા કરે તો તે માટે પ્રથમ તેને વૈદક ધંધાની સામાન્ય પરિભાષા શીખવાની ખાસ જરૂર

पथ्यापथ्यविज्ञान

ખાનપાનના પદાર્થો કયા દરદમાં કઇ ચીજો પથ્ય છે ને ચીજો અપથ્ય છે તે માટે આયુર્વેદના મત પ્રમાણે દરેક રોગમાં પથ્ય છે અને શું અપથ્ય છે તે આમાં બતાવેલ છે કોઇપણ ઘર કે કોઇપણ વૈદ્યને આ પુસ્તક ખુબ મદદ આપનાર થઇ પડે દરદીના હાથમાં કે તેની સારવાર કરનારના હાથમાં આ પુસ્ આપવા પછી વધુ ભલામણ કરવાની જરૂર રહેતી નથી. મૂલ્ય બે આ

कुपीपक्वरसायन

આયુર્વેદમાં રસાયન દવાઓ ઉત્તમ ગણાય છે. તેમાં પ કુપીપક્વરસોની ખુબ તારીફ થાય છે આવા કુપીપક્વરસોની બનાવ ભઠ્ઠીની રીત, તે દવાઓને વાપરવાની વિધી તથા ગમે તેવા સામા માણસ પણ જો ધારે તો આ દવા ઘરમાં તૈયાર કરી શકે તે અનુભવની માહિતી આ પુસ્તકમાં આપેલી છે અને તે પુસ્તક જોતાં આપને ખુબ ગમે તેવું છે. મૂલ્ય આના બે. થોડીજ નકલો બાકી સત્વર મંગાવી લ્યો.

कुदरतीआरोग्यविज्ञान

આ એક નાનાં પુસ્તકમાં આરોગ્ય સંબંધી એક ડૉક્ટર વિચારો પં. ભિમાશંકરે ગુજરાતી ભાષામાં સરળ કુદરતી નિયમો બતાવેલા છે ને તે પ્રાચિન-અર્વાચિન મતાનુસાર આપવામાં આવેલ હોવાથી સર્વકોઇને માફક-પસંદ આવે તેવા છે. વૈદકનો શોખ તથ અભ્યાસ કરનારાઓ માટે ખાસ ઉપયોગી છે. મૂલ્ય આના ચાર પણ હાલ આપને તે ઓછી કિંમતમાં એટલે બે આનામાં મળશે

उपयोगीपेटंटदवाओ

બેકારી દૂર કરવા માટે સ્વતંત્ર હુન્નર-ધંધાની જરૂર છે અને ને માટે માર્ગદર્શક સાધન હોવું જોઇએ, આ પુસ્તકમાં ૨૫ દવાઓન

માટેજ આ ગ્રન્થ આયુર્વેદ વિદ્યાપીઠની આજ્ઞાનુસાર તૈયાર કરવામાં આવ્યો છે, તમોએ હજી ન મંગાવ્યો હોય તો હમણાંજ મંગાવી લ્યો, હવે થોડીજ પ્રત બાકી છે. મૂલ્ય પાકું પુઠું રૂ. ૨॥, પોસ્ટેજ ૭ આના.

आरोग्यसिन्धुनी फाइलो

આરોગ્યસિન્ધુ માસીકની દરેક વર્ષની જુદી જુદી પુસ્તકાકારે બાંધેલી ફાઇલો તૈયાર છે, આ જુની ફાઇલો વૈદકના કિંમતી પુસ્તકોનું કામ આપે છે. વર્ષ ૧ લું રૂ. ૦॥ વર્ષ ૨ જું રૂ. ૧ અને ત્યારપછીનાં ૩ થી તે ૧૪ વર્ષસુધી ફાઇલોનું દરેકનું મૂલ્ય રૂ. બે છે એટલે જુમલે ૧૪ વર્ષનાં ૨૫॥ થાય છે પણ સામટી લેનારને પોણી કીંમતે એટલે કે રૂ. ૧૯। માં મળશે આખો સેટ મંગાવનારે અરધી કિંમત અગાઉથી મોકલવી અને રેલ્વે પારસલથી મંગાવવી જોઇએ. **નોંધ:** આ ફાઇલોમાં વર્ષ ૩ જું ને ૪ થું એમ બે ફાઇલો સ્ટૉકમાં નથી તેનાં રૂ. ૩ બાદ કરી બાકીના રૂ. ૧૬। લેવામાં આવશે.

दरदीपत्रक

દવાખાનામાં દરરોજ વાપરવા લાયકની ઉપયોગી વસ્તુ છે. આમાં દરેક દરદીની જુદી જુદી હકીકત લખી દરદીના કેસ તરીકે વપરાય છે તેથી કામ કરનારને ઘણી સરળતા રહે છે. એકસો પેજની બુક (પેડ)ના આના આઠ.

रजीस्टर

આ એક એવી જાતની બુક છે કે તેમાં દરદીની તમામ હકીકત નંબરવાર તારીખના ક્રમ સાથે રહે છે એક બુક લગભગ એક વર્ષ ચાલે છે. કિંમત રૂ. ૦।૮.

आरोग्यसिन्धु

ગુજરાતી ભાષામાં ૧૫ વર્ષથી પ્રગટ થતું આ વૈદકમાસિકપત્ર

પડે છે, તે સિવાય વૈદક નહિ શીખનાર પણ આ કામકાજમાં ઉતરવા માંગે તો તે માટે પણ વૈદકનું રહસ્ય આવડવુંજ જોઇએ, એ ખ્યાલથી આ નાનું પુસ્તક અમોએ તૈયાર કરેલ છે તેમાં દવાઓ બનાવવાની દરેક પ્રકારની વિધી, શોધન, મારણ તોલ, માપ, માત્રા, સામાન્ય શબ્દોના અર્થ વગેરે બધી બાબતોનો પૂર્ણ ખુલાસો આપવામાં આવેલ છે જે દરેક માટે પૂર્ણ ઉપયોગી છે. કિંમત આના બે.

वनौषधिविज्ञान

ઘરને આંગણે થતી, ગામના પાદરમાં થતી તેમજ સામાન્ય રીતે બજારમાં સહેલાઇથી મળી શકતી વનસ્પતિઓનું વૈદક દ્રષ્ટિએ ટુંકે પરિચય, ગુણ, ઉપયોગ દવાઓની મુખ્ય બનાવટ વગેરે બાબતો આમાં લખાયલી છે, લગભગ બસોથી વધુ ચીજોનું વર્ણન આ પુસ્તકમાં આપેલ છે અને તે રોજ વપરાતી તથા જેની માહિતી માટે દરરોજ પુસ્તકો જોવાં પડે તેવીજ ચીજો આમાં લેવાઇ છે, વળી આ પુસ્તકનો રીતસર અભ્યાસ કરવામાં આવે તો પરિક્ષામાં નિઘંટુના વિષયનો જુદો અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી. વનસ્પતિના અદ્ભૂત ગુણો તથા સરળ ટુચકાઓનો અનુભવ આપને આ પુસ્તકમાંથી મોટા પ્રમાણમાં મળી આવશે. આ ગ્રન્થ થોડાજ સમયમાં છપાઇને તૈયાર થશે. કિંમત રૂપીઆ બે.

न्यायवैद्यक और विषतंत्र

હિંદી ભાષામાં આ વિષયનો આ એકજ અને સૌથી પહેલો ગ્રન્થ છે. આયુર્વેદ વિદ્યાપીઠ તેમજ લાહોર, હરિદ્વાર, દીલ્હી, કલકત્તા, બનારસ, મુંબઇ, પાટણ વગેરેની વૈદક કૉલેજોમાં આ ગ્રન્થ પાઠ્ય પુસ્તક તરીકે હાલમાં ચાલે છે. દરેક વૈદ્ય આ ગ્રન્થનો અભ્યાસ કરી આજના સુધરેલા જમાનામાં ડૉક્ટરની પેઠે તે પણ ન્યાયની બાબતમાં કોર્ટ કચેરી વગેરેમાં સાક્ષીરૂપ પોતાનો અભિપ્રાય આપી શકે તે

